dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર... અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 7 | Issue - 336 | AD - 2024, Bhadarva Sud - 07 | Tuesday, Dt.10-09-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## કોલકાતામાં ૨૪ કલાકમાં ડોકટરો કામ પર પાછા ફરે : સુપ્રીમ

**ડોકટરો કામ પર પાછા ફરશે તો તેની સામે કોઈ કાર્યવાહી નહી થાય**

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯

કોલકાતામાં ડોક્ટરની બળાત્કાર અને હત્યા સાથે જોડાયેલી અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. આ દરમિયાન સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) એ કેસની તપાસ અંગે સ્ટેટસ રિપોર્ટ રજૂ કર્યો હતો. બંગાળ સરકારે કોર્ટમાં સ્ટેટસ રિપોર્ટ પણ રજૂ કર્યો હતો. સુનાવણી દરમિયાન વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે પશ્ચિમ બંગાળ સરકારે સ્ટેટસ રિપોર્ટ દાખલ કર્યો છે. એવું કહેવાય છે કે ૨૩ લોકો મૃત્યુ પામ્યા જ્યારે ડોકટરો કામ કરી રહ્યા ન હતા. સુનાવણી બાદ કોર્ટે સીબીઆઈ પાસેથી નવો સ્ટેટસ રિપોર્ટ માંગ્યો છે. કોર્ટે તપાસ એજન્સીને એક સપ્તાહનો સમય આપ્યો છે. આ પછી કોર્ટે કેસની સુનાવણી ૧૭ સપ્ટેમ્બર સુધી ટાળી દીધી છે.

સર્વોચ્ચ અદાલતે યાદ અપાવ્યું કે તેણે ડોકટરો કામ પર પાછા ફર્યા પછી તેમની સામે કોઈ પગલાં ન લેવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે ટિપ્પણી કરી છે કે જો તેઓ હવે કામ પર



પાછા નહીં ફરે તો અમે રાજ્ય સરકારને પગલાં લેતા રોકી શકીએ નહીં. આના પર વરિષ્ઠ વકીલ ગીતા લુથરાએ જવાબ આપ્યો કે ડોકટરોને ધમકી આપવામાં આવી રહી છે. સુપ્રીમ કોર્ટે ડોક્ટરોને આવતીકાલે સાંજે ૫ વાગ્યા સુધીમાં કામ પર પાછા ફરવાનું કહ્યું છે. કોર્ટે ખાતરી આપી હતી કે તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં. જો કે, સર્વોચ્ચ અદાલતે ચેતવણી આપી હતી કે જો તેમની સતત ગેરહાજરી ચાલુ રહેશે તો તેમની સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવી શકે છે.

સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો કે સીઆઈએસએફએ સુનિશ્ચિત કરવું પડશે કે તમામ જરૂરી સુરક્ષા પગલાં લેવામાં આવ્યા છે અને માન્ય આઈ-કાર્ડ વિના કોઈને પણ આરજી કાર હોસ્પિટલમાં ઈમરજન્સી વોર્ડમાં પ્રવેશવાની મંજૂરી નથી. સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો છે કે હોસ્પિટલોમાં ડોકટરોની સુરક્ષા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે. સ્ત્રી અને પુરૂષ બંને માટે શૌચાલયની સુવિધા ઉપલબ્ધ હોવી જોઈએ. સુપ્રીમ કોર્ટે પીડિતાના તમામ ફોટોગ્રાફ સોશિયલ મીડિયા પરથી તાત્કાલિક હટાવવાનો પણ નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે આ મામલાનું સુઓમાટો સંજ્ઞાન લીધું અને સોમવારે તેની સુનાવણી કરી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે આ કેસની સુનાવણી કરી હતી.

## જમ્મુ-કશ્મીરમાં ઘુસણખોરી કરી રહેલા બે આંતકીઓને ઠાર મારતી ભારતીય સેના

**સેનાએ આંતકવાદીઓ પાસથી એકે-૪૭, દારૂગોળો જપ્ત કર્યો**

જમ્મુ,તા.૦૯

ભારતીય સેનાએ જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લામાં LOC (લાઈન ઓફ કંટ્રોલ) પાસે બે આતંકવાદીઓને ઠાર કર્યા છે. આ આતંકીઓ ઘુસણખોરીનો



પ્રયાસ કરી રહ્યા હતા. સેનાના જણાવ્યા મુજબ, ૮ સપ્ટેમ્બરની મોડી રાત્રે, સેનાના જવાનોએ નૌશેરાના લામ સેક્ટર પાસે થોડી હિલચાલ જોઈ. જે બાદ જવાનોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સેનાએ આતંકીઓ પાસેથી મોટી માત્રામાં દારૂગોળો જપ્ત કર્યો છે. બે એકે-૪૭ અને એક પિસ્તોલ પણ જપ્ત કરવામાં આવી છે. હાલ ઓપરેશન ચાલુ છે. સેનાએ એક્સ પર આ માહિતી આપી હતી. છેલ્લા એક સપ્તાહમાં આતંકવાદીઓના એન્કાઉન્ટરની આ બીજી ઘટના છે. ૨ સપ્ટેમ્બરે જમ્મુ-કાશ્મીરના સુંજવાન મિલિટરી સ્ટેશન પર આતંકીઓએ સેના પર ફાયરિંગ કર્યું હતું. જેમાં એક જવાન શહીદ થયો હતો.

## મણિપુરમાં ડ્રોન હુમલા રોકવામાં પોલીસ નિષ્ફળ રહેતા લોકોએ રસ્તા પર ઉતરી વિરોધ નોંધાવ્યો

**પ્રદર્શનકારીઓ રાજભવન અને સીએમ હાઉસ પહોંચ્યા, પોલીસે ટીયરગેસ છોડ્યો**

ઈમ્ફાલ,તા.૦૯

મણિપુરના ઈમ્ફાલમાં હાલમાં થયેલા ડ્રોન હુમલાના વિરોધમાં રવિવારે મોડી રાત્રે હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. કિશમપતમાં તિદ્દિમ રોડ પર ૩ કિલોમીટર



સુધી રેલી કાઢ્યા પછી, પ્રદર્શનકારીઓ રાજભવન અને CM હાઉસ પહોંચ્યા હતા. આ પછી પોલીસ અને સુરક્ષા દળોએ તેમને બેરિકેડ લગાવીને રોક્યા હતા. ટીયરગેસના અનેક રાઉન્ડ પણ છોડવામાં આવ્યા હતા. પ્રદર્શનકારીઓ રસ્તા પર બેસી ગયા અને સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. તેમણે કહ્યું- રાજ્ય સરકાર અને પોલીસ ડ્રોન હુમલા રોકવામાં નિષ્ફળ રહી છે. DGPને હટાવવા જોઈએ. મણિપુરમાં મે ૨૦૨૩ થી કુકી અને મૈતેઈ સમુદાયો વચ્ચે હિંસા ચાલુ છે. છેલ્લા ૭ દિવસમાં હિંસા વધી છે. જેમાં ૮ લોકોના મોત થયા છે. ૧૫ થી વધુ ઘાયલ છે. હાલમાં મણિપુરમાં ડ્રોન હુમલા થયા છે. જેમાં બે લોકોના મોત થયા છે.



# બગસરાના લુંધીયા ગામમાં સબ સેન્ટરના નબળા બાંધકામ સામે સ્થાનિકોની નારાજગી

બગસરા, તા.૦૯

બગસરા તાલુકામાં લુંધીયા ગામમાં અત્યારે પીએચસી સબ સેન્ટરનું નિર્માણ કામ ચાલી રહેલ છે. આ કામ રૂ. ૨૬ લાખ જેવી માતબર રકમનું છે, પરંતુ આ કામ નબળી ગુણવત્તા ધરાવતા માલ-સામાન, સિમેન્ટથી થઇ રહ્યું છે, તેનું બાંધકામ પણ બેદરકારીપૂર્વક કરવામાં આવી રહ્યું છે તેવા આક્ષેપ થઇ રહ્યા છે. કામ ચાલતું હતું ત્યારે તેને લોકોએ એકથી બે વખત તોડી પાડ્યું હતું અને કોન્ટ્રાક્ટરને કડક શબ્દોમાં પણ સૂચના આપવામાં આવી હતી. જ્યારે આ ગામમાં પ્રથમ વખત સબ સેન્ટર ઊભું થતું હોય અને લોકોને વધુ સવલતો મળવા જઈ રહી હોય છે ત્યારે આ ગામના લોકોમાં ખુબ ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. જોકે કામની ગુણવત્તા જોઈને ગ્રામજનોમાં રોષ ફેલાયો હતો.


તસવીર : હાર્દિક બામટા

# અમરેલીમાં હરતી-ફરતી લાઈબ્રેરીને મળી મૂલ્યવાન પુસ્તકોની ભેટ

અમરેલી, તા.૦૯

અમરેલી શહેરમાં સામાજિક સેવા ક્ષેત્રે કાર્યરત સંસ્થા 'શેર એન્ડ કેર પરિવાર' દ્વારા સંચાલિત 'હરતી-ફરતી લાઈબ્રેરી'ને આજે એક મોટી ભેટ મળી છે. વડોદરા સ્થિત 'પુસ્તક પરબ' સંસ્થા દ્વારા રૂા. ૨૫,૦૦૦ની કિંમતનાં પુસ્તકો આ લાઈબ્રેરીને અર્પણ કરવામાં આવ્યાં છે. આ દાન પુસ્તક પરબના સ્થાપક અને અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવારના સ્થાપક પ્રમુખ ડૉ. પ્રતાપભાઈ પંડ્યાની પુણ્યતિથિ નિમિત્તે કરવામાં આવ્યું છે. મનીષાબેન પંડ્યાના સૌજન્યથી આ પુસ્તકો અર્પણ કરાયાં છે. ૮ સપ્ટેમ્બરના રોજ અમરેલીના લાઠી રોડ પર મામાદેવની જગ્યા નજીક યોજાયેલા એક કાર્યક્રમમાં પુસ્તકો અર્પણ કરાયાં હતાં. આ પ્રસંગે અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવારના પ્રતિનિધિઓ, સ્થાનિક સાહિત્યકારો અને શેર એન્ડ કેર પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર : નિલેશ દેસાઈ

## બગસરા સામુદ્રી માતાજીના મંદિરે પાટોત્સવ ઉજવાયો



**બગસરાની સાતલડી નદીના કાંઠે આવેલા સામુદ્રી માતાજી મંદિરે પાટોત્સવ યોજાયો હતો. કંડોળીયા બ્રાહ્મણ, દશા, વિશા અને કપોળ વણીકના કુળદેવી સામુદ્રી માતાજીના મંદિરે હવનનું આયોજન કરાયુ હતું.**

# નાગેશ્રીમાં આંખના રોગના નિદાન માટે નિઃશુલ્ક કેમ્પ યોજાયો

નાગેશ્રી, તા.૦૯

નાગેશ્રી ખાતે કન્યા શાળામાં શ્રી મહેતા હોસ્પિટલના સહયોગથી આંખના રોગના નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન થયું હતું, જેમાં ૫૦૫ દર્દીઓએ લાભ લીધો હતા. આ કેમ્પમાં તમામ દર્દીઓને દવા, ટ્યૂબ, ટીપા ફ્રીમાં આપવામાં આવ્યા હતા. ગામના સરપંચ નરેન્દ્રભાઈ વરૂ, ઉપસરપંચ અને ગ્રામ પંચાયત સદસ્યો અને ગ્રામ્ય આગેવાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. સરપંચ નરેન્દ્રભાઈ વરૂએ મહેતા હોસ્પિટલનો આભાર વ્યક્ત કર્યો. અત્રે એવું પણ સરપંચે જણાવ્યું હતું કે આંખના મોતિયો, વેલ કે અન્ય આંખ સંબંધિત ઓપરેશન મફતમાં કરી આપવામાં આવશે.



# શિયાળબેટનો યુવાન પાંચ દિવસથી દરિયામાં લાપત્તા

## યુવકની માતાએ અન્નજળનો ત્યાગ કર્યો

જાફરાબાદ,તા.૦૯

જાફરાબાદનાં શિયાળબેટની પાર્વતી પ્રસાદ નામની બોટમાંથી એક યુવાન ચાર-પાંચ દિવસ પહેલા દરિયામાં પડી જતા લાપત્તા થયો હતો. શિયાળબેટના શુકરભાઇ વિનુભાઈ ગુજરીયા લાપતા થતા પાંચ દિવસ થવા છતાં આજદિન સુધી યુવાનની કોઈ ભાળ મળી નથી જેથી પરિવાર ચિંતામાં ગરકાવ થઈ ગયો છે. યુવાનની કોઈ જ જાણકારી ન મળતા તેમની માતાએ અન્નજળનો ત્યાગ કર્યો હતો અને તેમના ભાભી હૈયાફાટ રૂદન કરી રહ્યાં છે. શુકરભાઈ ગુજરીયાને શોધવા માટે તેમનો પરિવાર તંત્ર સામે આજીજી કરી રહ્યો છે.

# અમરેલીમાં મંગલમૂર્તિ મહિલા મંડળના ગણપતિ મહોત્સવમાં ભવ્ય આરતી

અમરેલી, તા.૦૯

અમરેલીના લાઠી રોડ પર આવેલ પ્રમુખસ્વામી નગર ખાતે મંગલમૂર્તિ મહિલા મંડળ દ્વારા ગણપતિ મહોત્સવમાં ભવ્ય આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આરતીના મુખ્ય યજમાનો તરીકે સંદીપભાઈ ત્રિવેદી, અમિતભાઈ લંગાળીયા, ઋત્વિકભાઈ જોશી પરિવાર અને જયસુખગીરી અપારનાથી પરિવાર ઉપસ્થિત રહ્યા હતા. નગરપાલિકા તરફથી બીપીનભાઈ લીંબાણી, મનીષભાઈ ધરજીયા, દંડક દીલાભાઈ, સંદીપભાઈ માંગરોળીયા, દીપકભાઈ બાંભરોલીયા, ચિરાગભાઈ ત્રિવેદી હાજર રહ્યા હતા.



# સાવરકુંડલાના જિંજુડા ગામના યુવાનની સિદ્ધિ

સાવરકુંડલા, તા.૦૯

સાવરકુંડલા તાલુકાના જિંજુડાના અમિતભાઇ સતાસિયાએ ઈન્ડો-નેપાળ ઈન્ટરનેશનલ ચેમ્પિયનશીપમાં ૮૦૦ મીટરની રેસમાં ગોલ્ડ મેડલ જીતી ભારતનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ મેળવીને તેમણે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના સત્વ અટલધારા કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લઈને પોતાના સંઘર્ષથી સફળતા સુધીની કહાની ધારાસભ્યને જણાવી હતી. આ સિદ્ધિ મેળવવા માટે યુવાનને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.



તસવીર : સૌરભ દોશી

# લીલીયા તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકનું ધારાસભ્ય કૌશિક વેકરીયા હસ્તે સન્માન કરાયું

અમરેલી, તા.૦૯

લીલીયા તાલુકાના પૂતળીયા ગામની પ્રાથમિક શાળાના શિક્ષક જયેશભાઈ જોશીને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ સન્માન સમારોહમાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જયેશભાઈને સન્માનપત્ર આપી બિરદાવ્યા હતા. આ પ્રસંગે વેકરીયાએ જણાવ્યું કે, શિક્ષક તરીકે ફરજ બજાવવાનો આપને અનેરો મોકો મળ્યો છે. તમામ શિક્ષકો આવી રીતે પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવી શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પ્રાપ્ત કરી શકે છે.



# લીલીયા મોટામાં પોષણ માસની ઉજવણી: આંગણવાડી કેન્દ્રો દ્વારા વાનગી પ્રદર્શન

લીલીયા મોટા, તા.૦૯

લીલીયા મોટા ખાતે પોષણ માસની ઉજવણીના ભાગરૂપે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લીલીયાની આંગણવાડી કેન્દ્ર નંબર ૧ થી ૧૧ દ્વારા એક વાનગી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પોષણયુક્ત ખોરાકનું મહત્વ દર્શાવવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં કિશોરીઓ દ્વારા બનાવવામાં આવેલી વિવિધ વાનગીઓનો સમાવેશ થતો હતો. તેમાં પૂર્ણાશક્તિ, કઠોળ અને અન્ય પોષણયુક્ત સામગ્રીમાંથી બનાવેલી અલગ-અલગ વાનગીઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. આ ઉપરાંત, શાકભાજી અને અનાજનો ઉપયોગ કરીને રંગોળી ચિત્રો પણ બનાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય સેવિકા પ્રભાબેન રાઠોડ હાજર રહ્યા હતા. તેમની સાથે દરેક કેન્દ્રની કિશોરીઓ, કાર્યકરો અને હેલ્પર બહેનોએ પણ હાજરી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ વર્કર અને હેલ્પર બહેનોએ ખૂબ જ મહેનત કરી હતી.



# સા.કુંડલામાં ગણેશ ચતુર્થી નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન

સાવરકુંડલા, તા.૦૯

ગણેશ ચતુર્થીના પવિત્ર અવસર પર સાવરકુંડલામાં સદભાવના ગ્રુપ દ્વારા એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શનિવારે બપોરે ૪:૦૦ વાગ્યે શરૂ થયેલી આ યાત્રાએ શહેરના મુખ્ય માર્ગો પર પસાર થઈ હજારો શ્રદ્ધાળુઓનું ધ્યાન આકર્ષ્યું હતું. આ શોભાયાત્રામાં ૫૧ કન્યાઓની કળશ યાત્રા, ૫૧ ફોરવ્હીલ વાહનોનો કાફલો અને પારંપરિક નાસિક ઢોલ અને આધુનિક ડીજેનો સંગમ જોવા મળ્યો હતો. યાત્રા દેવળા ગેટથી શરૂ થઈ, ગાંધી ચોક, મેઈન બજાર, નદી બજાર, મણિભાઈ ચોક થઈ જે.વી.મોદી હાઈસ્કૂલ પાછળના મેદાનમાં સમાપન થયું હતું. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં સ્થાનિક રહેવાસીઓ અને આસપાસના ગામોના લોકો જોડાયા હતા.


તસવીર : સૌરભ દોશી

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્કિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?


મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# ગણેશ ચતુર્થીના અવસરે ૩.૩૦ કરોડના કામોના શ્રીગણેશ કરતા મહેશ કસવાલા

સા.કુંડલા, તા.૦૯

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ગણેશ ચતુર્થીના અવસરે વિસ્તારમાં શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ વિકાસ કામોનો શુભારંભ કર્યો. કુલ ૩ કરોડ ૩૦ લાખના ખર્ચે વિવિધ શૈક્ષણિક સુવિધાઓનું લોકાર્પણ અને ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

વીરડી ગામમાં ૪૦ લાખના ખર્ચે નવનિર્મિત પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું, જ્યારે ૧૦ લાખના ખર્ચે શાળા પરિસરના નવીનીકરણનો પ્રારંભ થયો હતો. મીતીયાળા ગામમાં ૧.૫૦ કરોડના ખર્ચે મંજૂર થયેલી સરકારી માધ્યમિક શાળાના બિલ્ડિંગનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. લીલીયા તાલુકામાં ૧ કરોડના ખર્ચે નાના લીલીયામાં નવી પ્રાથમિક શાળાના બિલ્ડિંગનું ભૂમિપૂજન થયું, જ્યારે શેઢાવદર ગામમાં ૩૦ લાખના ખર્ચે તૈયાર થનાર પ્રાથમિક શાળાનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમોમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા



સાથે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન પ્રતિનિધિ ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા પંચાયતના પ્રમુખો, જીતુભાઈ કાછડીયા તથા કાનજીભાઈ નાકરાણી, જિલ્લા પંચાયતના સદસ્યો પુનાભાઈ ગજેરા અને વિપુલભાઈ દુધાત, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા તથા ભનુભાઈ ડાભી, ગૌતમભાઈ વિંછીયા અને જીગ્નેશભાઈ સાવજ, પૂર્વ તા.પં. પ્રમુખ મનુભાઈ ડાવરા, પ્રમોદભાઈ રંગાણી તથા જયસુખભાઈ સુરાણી, કિશનભાઈ ખુમાણ અને પરેશભાઈ પાડા, લીલીયા તથા ભેંસવડી સરપંચ ભરતભાઈ હુંમર, નાના લીલીયા સરપંચ અરવિંદભાઈ માલવિયા, શેઢાવદર સરપંચ ગોવિંદભાઈ કાનાણી, અનિલભાઈ પાનસેરીયા, નિલેશભાઈ વિંછીયા તથા ભાજપ અગ્રણીઓ સહિતના સ્થાનિક આગેવાનો જોડાયા હતા.

# શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલમાં શિક્ષક દિનની ઉજવણી

અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલમાં આજે શિક્ષક દિનની અનોખી ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે દરેક વિભાગના ક્લાસ વાઈઝ દરેક ક્લાસમાં શિક્ષણ કાર્યનું તમામ સંચાલન વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવેલ. વિદ્યાર્થિનીઓને એક આત્મવિશ્વાસ થાય કે હું



પણ શિક્ષકની ભૂમિકામાં કાર્ય કરી શકું સાથે વિદ્યાર્થિનીઓને એ પણ થાય કે એક શિક્ષક તરીકેનો રોલ આપણે પણ ભજવી શકીએ તેવો ઉદ્દેશ હતો. સંસ્થાના વલ્લભભાઈ રામાણીની યાદીમાં જણાવાયું છે કે વર્ષોથી સંસ્થામાં આ પ્રક્રિયા થાય છે.

ગોડાઉન ભાડે આપવાના છે.
જી.આઈ.ડી.સી.માં
કુલ ૩ ગોડાઉન
ભાડે આપવાના છે.
શીતલ આઈસ્ક્રીમની બાજુમાં
અશોકભાઈ 94269 63633
તેજસભાઈ 82008 94309

# સાવરકુંડલામાં સરકારી પરીક્ષાઓ માટે નિવૃત્ત અધિકારીઓ આપી રહ્યા છે નિઃશુલ્ક તાલીમ

સાવરકુંડલા,તા.૦૯

સાવરકુંડલા શહેરનાં નિવૃત્ત BSF અધિકારી, પૂર્વ SRPF અને CRPF કોબ્રા કમાન્ડોના અધિકારીઓ પોતાના વતનના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક તાલીમ આપી રહ્યા છે. આ અભિયાનનો મુખ્ય હેતુ યુવાનોને શારીરિક કસોટીઓમાં સફળ થવા માટે તૈયાર કરવાનો છે. વિદ્યાર્થીઓ



વહેલી સવારથી જ દોડ, એક્સરસાઈઝ, લોંગ જંપ અને હાઈ જંપ જેવી કસરતો કરી રહ્યા છે. આ તાલીમ ખાસ કરીને વનવિભાગ અને પોલીસ સબ ઈન્સ્પેક્ટરની આગામી ભરતી પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને આપવામાં આવી રહી છે. તાલીમ કાર્યક્રમના મુખ્ય પ્રશિક્ષકોમાં BSFના નિવૃત્ત અધિકારી હનીફ શેખ, પૂર્વ SRPF અને ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર મુસ્તાક જાદવ અને CRPF કોબ્રા કમાન્ડો ઈમરાન જાદવનો સમાવેશ થાય છે. આ અનુભવી અધિકારીઓ કે.કે. હાઈસ્કૂલના મેદાનમાં વિદ્યાર્થીઓને તાલીમ આપી રહ્યા છે. તાલીમમાં ૧૬૦૦ મીટર અને ૫ કિલોમીટર દોડ, હાઈ જંપ, લોંગ જંપ, રસ્સા ચઢ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓની સહનશક્તિ વધારવા પર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

# અમરેલી જિલ્લામાં બે સ્થળેથી ૧૪ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળેથી ૧૪ લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. અમરેલી કુંકાવાવ જકાતનાકા સુળિયા ટીંબા પાસેથી એક મહિલાના રહેણાંક મકાને ૧૦ લીટર તથા દામનગરમાં સીતારામનગરમાંથી મહિલાના મકાનના ફળિયામાંથી ૪ લીટર મળી કુલ ૧૪ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. રાજુલામાંથી ૨, લોઠપુર, ટોડા, ધુંધવાણા, લીલીયામાંથી ૧-૧ મળી કુલ ૬ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય,
સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
ROOF TOUCH SHEETS

Gyanvi Technologies Private Limited
MAKE IN INDIA
OREVA e BIKE
अब पेट्रोल की टेंशन छोड़ो !
SPECIAL OFFER
OREVA E-BIKE
offer Prize 55,999/- Rs. 59,999/-
Alish
RTO / PUC LICENCE PETROL POLLUCTION REGISTRATION No
રાધે મોટર્સ ફોન : ૭૪૦૫૨ ૫૨૩૦૦
સ્ટેશન રોડ, ગોપી સીનેમાની બાજુમાં, અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

એપોઈન્ટમેન્ટ માટે : Mo. 70169 65665
PROFESSIONAL spa
પ્રોફેશનલ ફેમિલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનું)
ભાઈઓ માટે Rs.1599/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
લેડીઝ માટે Rs.799/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં

નં. જન્મ/ કેસ/રજી. નં. /૨૦૨૪

પ્રતિઃ

શ્રી મનસુરી ખેરૂનબેન રહેમાનભાઈ ....અરજદાર
રહે. વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેલણ
તાલુકો-કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ ...સામાવાળા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વેલણ ગામના રહીશ **શ્રી ઓસમાનભાઈ ઈબ્રાહીમભાઈ મનસુરી તથા શ્રી જેબુનીશા ઓસમાનભાઈ મનસુરી ની પુત્રી શ્રી હસીના ઓસમાનભાઈ મનસુરી** નો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૯ ના રોજ કોડીનાર તાલુકાના વેલણ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના વેલણ ગામના સને ૧૯૬૯ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૨૯/૦૯/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

**સહિ**
**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં

નં. જન્મ/ કેસ/રજી. નં. /૨૦૨૪

પ્રતિઃ

શ્રી સીદીભાઈ ભગવાનભાઈ સાવધરીયા ....અરજદાર
રહે. વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેલણ,
તાલુકો-કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ ...સામાવાળા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વેલણ ગામના રહીશ **શ્રી સીદીભાઈ ભગવાનભાઈ સાવધરીયા તથા શ્રી વાલીબેન સીદીભાઈ સાવધરીયાનો પુત્ર ભીમાભાઈ સીદીભાઈ સાવધરીયા** નો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૪ ના રોજ કોડીનાર તાલુકાના વેલણ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના વેલણ ગામના સને ૧૯૯૪ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ **જન્મ** રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૨૯/૦૯/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

**સહિ**
**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં

નં. જન્મ/ કેસ/રજી. નં. /૨૦૨૪

પ્રતિઃ

શ્રી હીરાભાઈ કાળાભાઈ સોસા ....અરજદાર
રહે. કડોદરા, ગામ-કડોદરા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી, બી.એન વાઘેલા તથા ડી.વી. દેવળીયા રહે. કોડીનાર**

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, કડોદરા,
તાલુકો-કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ ...સામાવાળા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કડોદરા ગામના રહીશ **શ્રી હીરાભાઈ કાળાભાઈ સોસા તથા શ્રી વાલીબેન હીરાભાઈ સોસાની પુત્રી શ્રી બિંદુબેન હીરાભાઈ સોસા**નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪ ના રોજ કોડીનાર તાલુકાના કડોદરા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના કડોદરા ગામના સને ૧૯૭૪ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ **જન્મ** રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૨૯/૦૮/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

**સહિ**
**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં

નં. જન્મ/ કેસ/રજી. નં. /૨૦૨૪

પ્રતિઃ

શ્રી હીરાભાઈ કાળાભાઈ સોસા ....અરજદાર
રહે. કડોદરા, ગામ-કડોદરા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી, બી.એન. વાઘેલા તથા ડી.વી. દેવળીયા રહે. કોડીનાર**

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, કાજ,
તાલુકો-કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ ...સામાવાળા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કડોદરા ગામના રહીશ **શ્રી હીરાભાઈ કાળાભાઈ સોસા તથા શ્રી વાલીબેન હીરાભાઈ સોસાની પુત્રી શ્રી નંદુબેન હીરાભાઈ સોસા**નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૯ ના રોજ કોડીનાર તાલુકાના કાજ ગામ ખાતે જન્મ થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના કાજ ગામના સને ૧૯૭૯ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ **જન્મ** રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.


આજ તારીખ ૨૯/૦૮/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

**સહિ**
**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# મોટા બારમણ નજીક રાયડી ડેમ ઓવરફ્લો થતા ખેડૂતોમાં આનંદ

**નદીના પટમાં અવર-જવર નહી કરવા તંત્રની સૂચના**



અમરેલી,તા.૦૯

ખાંભા તાલુકાના મોટા બારમણ ગામ નજીક આવેલ રાયડી ડેમ ૧૦૦% ભરાઈ જતા ઓવરફ્લો થયો છે. આજે ડેમનો એક દરવાજો ખોલવામાં આવ્યો છે. ખાંભા અને જાફરાબાદના પાંચ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. ચોમાસાની સિઝનમાં પહેલી વખત ડેમ ભરાતા આસપાસના ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ છે. રાયડી ડેમ નીચે આવતા મોટા બારમણ, નાના બારમણ, ચોત્રા, નાગેશ્રી, મીઠાપુર સહિત નદી કાંઠાના ગામડાને એલર્ટ આપી નદી કાંઠે અવરજવર ન કરવા માટે અને સાવચેત રહેવા માટે તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે. ઉપરાંત રાયડી સહિત ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ નદીઓમાં નવા નીર અને વધુ પાણીની આવક વધે તો નદીઓમાં પૂર આવી શકે છે.

# અમરેલી માર્કેટીંગ યાર્ડમાં ઘઉંની ગૂણી પડવાના હચમચાવી દેનારા સીસીટીવી ફુટેજ સામે આવ્યા

**એક સાથે ઘઉંની ૫૦૦ ગૂણી માથે પડતા એક શ્રમિકનું મોત નિપજયુ હતું**



અમરેલી,તા.૦૯

અમરેલીના સાવરકુંડલા રોડ પર આવેલા નવા માર્કેટીગ યાર્ડમાં થોડા દિવસ પહેલા ઘઉંની ગૂણી માથે પડતા એક મજૂરનું મોત થયુ હતું જયારે ચાર મજૂરને ઈજા પહોંચી હતી. આ ઘટનાના સીસીટીવી ફુટેજ સામે આવતા લોકોના હૃદય હચમચી ઉઠયા હતા. અમરેલીના સાવરકુંડલા રોડ પર આવેલા નવા માર્કેટિંગ યાર્ડમાં વેપારીના ગોડાઉનમાં શનિવારે મજૂરો ઘઉંની ગૂણીઓ ખાલી કરી રહ્યા હતા. પાંચ જેટલા મજૂરો જ્યારે કામ કરી રહ્યા હતા ત્યારે તેની આસપાસ ઘઉંની સેંકડો ગૂણીઓના થપ્પા લાગેલા હતા. જેમાંથી એક થપ્પો આંખના પલકારામાં મજૂરો પર ધસી પડ્યો હતો. મજૂરો કંઈ સમજે તે પહેલાં જ ૫૦૦ જેટલી વજનદાર ગૂણીઓ તેમની માથે પડતા પાંચેય મજૂરો દબાયા હતા. અકસ્માતના પગલે અન્ય મજૂરો અને ગોડાઉન માલિકમાં દોડધામ મચી હતી.

# અમરેલીમાં એસટીની ટક્કરથી પ્રૌઢનું મૃત્યુ

અમરેલી, તા.૦૯

અમરેલી શહેરમાં એસટીની ટક્કરથી પ્રૌઢનું મોત થયું હતું. બનાવ સંદર્ભે ઉષાબેન હસમુખભાઈ વ્યાસ (ઉ.વ.૭૨) એ એસટી બસ નંબર જીજે-૧૮-ઝેડ-૬૪૨૩ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પતિ TVS વેગો મોટર સાયકલ નંબર GJ-૧૪-AD-૨૩૯૧ લઈને જતા હ તા । તે દરમિયાન એસટી બસ નં.GJ-૧૮-Z-૬૪૨૩ ના ચાલકે પોતાની બસ પુરઝડપે તથા બેફિકરાઈ ભરી રીતે ચલાવી તેમના પતિને અડફેટે લેતા માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મરણ પામ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.કે.ઓડેદરા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં ભવ્ય સાંસ્કૃતિક લોકડાયરો અને લોકગાયક એવોર્ડ કાર્યક્રમ યોજાશે

બગસરા, તા.૦૯

બગસરા શહેરમાં આગામી બુધવારે ભવ્ય સાંસ્કૃતિક લોકડાયરો તથા લોકગાયક એવોર્ડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. વિગત અનુસાર ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના સહયોગથી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની યાદમાં બગસરા મેઘાણી હાઈસ્કૂલ ખાતે આગામી તારીખ ૧૧ ને બુધવારે ભવ્ય સાંસ્કૃતિક લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં સુપ્રસિદ્ધ લોકગાયિકા અલ્પાબેન પટેલ તથા લોકગાયક વિમલભાઈ મહેતા સંગીતમય શૈલીમાં ભારતીય લોકસંસ્કૃતિનું ગાન કરશે. સાથે સાથે મેઘાણી લોકગાયક સન્માન સમિતિના પ્રમુખ પ્રદીપભાઈ ભાખર દ્વારા બગસરા તાલુકાના નાના મુંજીયાસર ગામના રત્ન અને ગાયિકા અલ્પાબેન પટેલને મેઘાણી લોકગાયક સન્માન ૨૦૨૪ અર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા, પાલિકા પ્રમુખ જ્યોત્સનાબેન રીબડીયા, પ્રાંત અધિકારી કમલેશ નંદા, મામલતદાર આર.જી. ઝાલા, તાલુકા વિકાસ અધિકારી રોહિત કલસરિયા, જિલ્લા યુવા વિકાસ અધિકારી વિક્રમસિંહ પરમાર સહિતના ઉપસ્થિત રહેશે.

# બાબરાના ખંભાળા ગામે યુવતીએ પાણીમાં પડતું મૂકતાં મરણ પામી

બાબરા, તા.૦૯

બાબરાના ખંભાળા ગામે રહેતા બાબુબાઈ રણછોડભાઈ ઘોડા (ઉ.વ.૩૬)એ જાહેર કર્યા મુજબ, મૃતક આક્ષાબેન (ઉ.વ.૨૧) તથા રાજેશભાઈ શંભુભાઈ વેજીયા એકબીજા સાથે ફોનમાં વાત કરતા હતા. જે બાબતે રાજેશને સમજાવવા રામાપીરના મંદિરે ગયા હતા. રાજેશ ત્યાં આવ્યો નહોતો. જેથી તેમને વાડીએ પરત લઈ આવતા ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગઈ હતી અને પોતાની મેળે પાણીમાં પડી જઈ મરણ પામી હતી. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.એમ.રાધનપરા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી શાકમાર્કેટમાં ખરીદી કરવા આવેલા યુવકનો મોબાઈલ ચોરાયો

અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લામાં મોબાઈલ ચોરીના બનાવો વધી રહ્યા છે. અમરેલી શહેરમાં શાકમાર્કેટમાં ખરીદી કરવા આવેલા યુવકનો મોબાઈલ ચોરાયો હતો. ઈમરાનભાઈ મહેરખાન મહેરવાણી (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, તેઓ અમરેલી શાકમાર્કેટની અંદર શાકભાજી ખરીદવા ગયા હતા. તેમના શર્ટના ઉપરના ખિસ્સામાંથી ૨૬ હજારની કિંમતના ફોનની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.વી. લંગાળિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# વિસળીયા ગામના પુરુષને બોલેરો ચાલક ટક્કર મારી ફરાર થઈ ગયો

**ઈજાગ્રસ્ત શૌચક્રિયા માટે નીકળ્યા હતા**

રાજુલા, તા.૦૯

અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતનો સિલસિલો યથાવત છે. બાઈક લઈને શૌચક્રિયા માટે નીકળેલા પુરુષને બોલેરો ચાલક ટક્કર મારીને ફરાર થઈ ગયો હતો. બનાવ સંદર્ભે વિસળીયા ગામે રહેતા બાબુભાઈ વશરામભાઈ સરવૈયા (ઉ.વ.૪૨)એ મહીન્દ્રા પીકઅપ બોલરો નંબર જીજે-૩૮-ટીએ-૭૮૭૮ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પિતા વશરામભાઈ બજાજ પ્લેટીના રજી. નં.GJ-૦૪-AK-૨૬૭૦ લઈ શૌચક્રિયા કરવા નીકળ્યા હતા. તે દરમિયાન વિસળીયા ગામથી દાતરડી તરફ જતા જાહેર રોડ ઉપર સામેથી પુરઝડપે આવેલા મહીન્દ્રા પીકઅપ બોલેરો રજી. નં.GJ-૩૮-TA-૭૮૭૮ ના ચાલકે તેમને ટક્કર મારી હતી. જેમાં તેમના શરીરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જી ચાલક બોલેરો મૂકી નાસી ગયો હતો. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.જી.ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# જરખીયા ગામે ખેડૂતનો કાંઠલો પકડીને આટલી જ વાર લાગશે કહી ધમકી આપી

**મોટર સાયકલનો કાવો મારવા મુદ્દે માથાકૂટ થઈ**

લાઠી, તા.૦૯

જરખીયા ગામે રહેતો એક ખેડૂત તેની મોટર સાયકલ લઈને વાડીએ જતો હતો, તે દરમિયાન ગામના સ્મશાન પાસે કાવો મારતાં આરોપીએ તેને ઉભો રખાવી ગાળો આપી હતી. તેમજ કાંઠલો પકડીને આટલી જ વાર લાગશે તેમ કહી જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે મહેન્દ્રભાઈ નાથાભાઈ ડેર (ઉ.વ.૨૪)એ ભરતભાઈ રાણાભાઈ આલગોતર સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તથા સાહેદ મોટર સાયકલ લઈને વાડીએ જતા હતા ત્યારે જરખીયા ગામના સ્મશાન પાસે આવતાં તેમણે મોટર સાયકલને કાવો માર્યો હતો. જેથી આરોપીએ આગળ જઈ તેની મોટર સાયકલ ઉભી રખાવી તારી મોટર સાયકલ મારા પર કેમ આવવા દીધી તેમ કહી ગાળો આપી હતી. તેમણે ગાળો આપવાની ના પાડતાં ઉશ્કેરાઈને કાંઠલો પકડી લીધો હતો અને આટલી જ વાર લાગશે તેમ કહી ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ. ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

# શેડુભાર ગામેથી ૪, કરિયાણા ગામેથી ૪ ખેલી ઝડપાયા

અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લામાં બે સ્થળેથી ૮ જુગારી ઝડપાયા હતા. શેડુભાર ગામે ભુતડા દાદાના મંદિર જવાના રસ્તે જાહેરમાં ખુલ્લા મેદાનમાંથી ખોડાભાઈ બચુભાઈ સાકરીયા, કાળુભાઈ દાનાભાઈ ખુમાણ, હસમુખભાઈ કરશનભાઈ ખુમાણ તથા વેલજીભાઈ બાવચંદભાઈ રાજાણી તીનપત્તીનો જુગાર રમતાં રોકડાં ૧૩,૭૦૦ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. કે. વાળા વધુ તપાસ કરી રહ્યા છે. કરીયાણા ગામેથી પીન્ટુભાઈ છનાભાઈ રાઠોડ, અભરામભાઈ કનુભાઈ સોલંકી, અશ્વિનભાઈ પ્રેમજીભાઈ જતાપરા, શીવરાજભાઈ વલકુભાઈ ખાચર જુગાર રમતાં રોકડા ૧૦,૩૧૦ સાથે ઝડપાયા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિઃ સાતમ
તા. ૧૦-૦૯-૨૦૨૪, મંગળવાર, સૂર્યોદય-૦૬:૦૩,
સૂર્યાસ્ત-૦૬:૩૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ અનુરાધા

## દૈનિક રાશિફળ

**તા.૧૦-૦૯-૨૦૨૪ — મંગળવાર**

મેષઃ પારિવારિક અને આર્થિક બાબતોમાં ચાલતી સમસ્યાઓ ઉકેલાશે અને આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે. તમને વ્યવસાયમાં મોટી તક મળી શકે છે.

વૃષભઃ ભાગીદારીમાં થઈ રહેલા કામથી લાભની સ્થિતિ ઊભી થશે. વિવાહિત જીવનમાં ઘણા દિવસોની સમસ્યા સમાપ્ત થઈ જશે.

મિથુનઃ સવારે ધાર્મિક યાત્રા પર જવાની યોજના હશે, રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો સાર્થક થશે અને લોકોનો ટેકો મનને આનંદ કરશે.

કર્કઃ આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ક્ષેત્રમાં સખત મહેનત અને ધૈર્યથી તમને બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે.

સિંહઃ વ્યાવસાયિક સહયોગીઓ તમારી પાસેથી સલાહ અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે, માન-સન્માન વધશે. આજે સરળ અને સાત્વિક કાર્યો થશે.

કન્યાઃ રોજગાર મેળવવા માગતા યુવાનોને નવી તક મળશે. તમારો પ્રોજેક્ટ કાર્યક્ષેત્રમાં પૂર્ણ થશે, તે જોઈને વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે.

તુલાઃ કુટુંબનું વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે. તહેવાર પહેલા અટકેલા પૈસા મળશે અને હાથમાં પૂરતા પૈસા હોવાનો આનંદ મળશે.

વૃશ્ચિકઃ દુકાનદારો માટે આ સમયે વ્યસ્તતા વધુ રહેશે,આર્થિક સ્થિતિમાં સુધારો થશે અને ફંડ પણ વધશે. વિદ્યાર્થીઓને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

ધનઃ વ્યવસાય સંબંધિત યોજનાઓ માટે નિષ્ણાતની સલાહ મદદરૂપ થશે. ભાગ્ય તમને સાથ આપશે અને દરેક ક્ષેત્રમાં સફળતા મળશે.

મકરઃ આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. પરિવારનું વાતાવરણ આનંદદાયક રહેશે અને તહેવારની તૈયારીઓ વચ્ચે વાનગીનો આનંદ માણશો.

કુંભઃ ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરશે, પરંતુ તમારે ગુપ્ત શત્રુઓથી સંભાળીને કામ કરવું પડશે. ઘરની જરૂરી અને કિંમતી ચીજોની સંભાળ રાખો.

મીનઃ વ્યવસાય સંબંધિત યોજનાઓ સફળ થશે અને લાભ આપવાનું શરૂ કરશે. ગીચ સ્થાનોને ટાળો અને જો જરૂરી હોય તો સલામતી સાથે જાઓ.

# ગોઢાવદર ખેતી સેવા સહકારી મંડળી લી.એ ૧૨ ટકા ડિવિડન્ડ જાહેર કર્યું

લીલીયા, તા.૦૯

લીલીયા તાલુકામાં ગોઢાવદર ખાતે ગોઢાવદર ખેતી સેવા સહકારી મંડળી લી.ની ૭૩ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. અરુણભાઈ પટેલ અમરેલી જી.મ.બેંકના વાઈસ ચેરમેનની અધ્યક્ષતામાં યોજાયેલી વાર્ષિક સાધારણ સભામાં મંડળીના મંત્રી



ભીખુભાઈ ભટ્ટે વાર્ષિક હીસાબો રજૂ કર્યા હતા. મંડળીએ ૫,૫૫,૯૯૧.૯૪નો નફો કરેલ અને સભાસદોને ૧૨% ડિવિડન્ડ જાહેર કર્યુ હતું. અમરેલી જિલ્લા સહકારી બેંકના વાઈસ ચેરમેન અરુણભાઈ પટેલ તથા બેંકના જનરલ મેનેજર બી.એસ. કોઠીયા, તાલુકા પંચાયત ખેતી વિસ્તરણ અધિકારી માલવિયા, જીતુભાઈ વઘાસીયા બ્રાંચ મેનેજર લીલીયા, મનિષભાઈ ધાનાણી સીનીયર ઓફિસર લીલીયા શાખા, વિજયભાઈ ગજેરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ડેડાણ ગામે પિતાની પાંચમના ખર્ચની લેતીદેતી મુદ્દે સગા ભાઈઓ બાખડ્યાં

**ગાળો આપીને ઢીકાપાટુ માર્યા**

ખાંભા, તા.૦૯

ખાંભાના ડેડાણ ગામે પિતાની પાંચમમાં ખર્ચાની લેતીદેતી બાબતે બે સગા ભાઈઓમાં બબાલ થઈ હતી. ભાઈએ સગા ભાઈને ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે રાજુભાઈ કાનાભાઈ પરમાર (ઉ.વ.૨૭) એ પ્રવિણભાઈ કાનાભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી તેમનો સગો ભાઈ થાય છે. તેમના પિતા એકાદ મહિના પહેલા મરણ પામ્યા હતા.

તેમની પાંચમ હોવાથી મહેમાન આવ્યા હતા અને પિતાની પાંચમના ખર્ચાની લેતીદેતી બાબતે બોલાચાલી થતા ઉશ્કેરાઈને જેમફાવે તેમ બિભત્સ શબ્દોમાં ગાળો આપી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ વી. વી. ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

**માતાએ પણ પુત્ર સામે ફરિયાદ નોંધાવી**

ડેડાણ ગામે રહેતા મંજુબેન કાનાભાઈ પરમાર (ઉ.વ.૬૦)એ પુત્ર રાજુભાઈ કાનાભાઈ પરમાર (ઉ.વ.૨૭) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો પુત્ર દારૂ પીવાની અને ઝગડો કરવાની ટેવવાળો હતો. તેના પતિ એક મહિના પહેલા મરણ પામ્યા હતા, જેથી તેની પાંચમ હોવાથી મહેમાનો ઘરે આવ્યા આવ્યા હતા ત્યારે આવીને પાંચમ કરવાની શું જરૂર છે, આપણે નથી કરવી તેમ કહ્યું હતું. જેથી તેના અન્ય પુત્રએ સમજાવતાં ઉશ્કેરાઈને ગાળો આપી, મુંઢમાર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં

નં. જન્મ/ કેસ/રજી. નં. /૨૦૨૪

પ્રતિઃ
શ્રી હિરૂબેન ભગવાનભાઈ બારૈયા ....અરજદાર
રહે. કોટડા, ગામ-કોટડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ ...સામાવાળા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોટડા ગામના રહીશ **શ્રી ભગવાનભાઈ પુંજાભાઈ બારૈયા તથા હીરૂબેન ભગવાનભાઈ બારૈયાની પુત્રી તારા ભગવાનભાઈ પુંજાભાઈ બારૈયા**નો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૦ ના રોજ કોડીનાર તાલુકાના કોટડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના કોટડા ગામના સને ૧૯૭૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ **જન્મ** રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૨૯/૦૯/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

સહિ
(એન.જી.રાદડીયા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

તંત્રી લેખ

# મણિપુરમાં હિંસા બેફામ

મણિપુરમાં આધુનિક પ્રકારના ડ્રોન અને રોકેટ હુમલા કરવામાં આવી રહ્યા છે આ બતાવે છે કે આ પછાત એરિયાના સામાન્ય લોકો પાસે આવા આધુનિક હથિયારો ક્યાંથી આવ્યા? કોણે આપ્યા ? અને તે ચલાવવાની ટ્રેનિંગ કોણે આપી ? તે આજે એક મહત્વપૂર્ણ પ્રશ્ન બની જાય છે. આજની તારીખે ૫૦૦૦૦ જવાનો ત્યાં હોવા છતાં ત્યાં ભયંકર રીતે હિંસા વકરી રહી છે. અહીં શાંતિ મંત્રણા ચાલી રહી છે. છતાં બીજી બાજુ ઉગ્રવાદીઓ દ્વારા હિંસા પણ ચાલુ છે. તાજેતરની હિંસામાં મેં તોય અને હમાર સમુદાય વચ્ચે ચાલી રહેલી વાતચીતની વચ્ચે આ હિંસા થઈ છે. પહેલી ઓગસ્ટે આસામના બજારમાં આવેલા સીઆરપીએફ કેમ્પમાં બંને સમુદાયોના આગેવાનો વચ્ચે મંત્રણા થઈ હતી તેમાં જીરીબામ જિલ્લા વહીવટી તંત્રના પ્રતિનિધિઓ ઉપરાંત હમારે થાડો પેટ અને બીજો સમુદાયના સભ્યો હાજર હતા. આ સમયે સમજૂતી પણ કરવામાં આવી હતી. પરંતુ હમાર સમુદાયના લોકો સમજૂતીથી વિરુદ્ધ છે જે લોકો સમજૂતીની વિરુદ્ધ છે તે લોકો ભાગલાવાદી પરિબળો છે અને તેને વિદેશનો સપોર્ટ હોવાથી તે કોઈપણ ભોગે આ વિસ્તારમાં અહિંસા ફેલાવીને અસ્થિરતાની સ્થિતિ ઊભી કરવા માંગે છે. ટૂંક સમયમાં તે લોકોનો ઈરાદો આખા વિસ્તારને ભારતથી છૂટો પાડી દેવાનો છે. બાંગ્લાદેશ, પશ્ચિમ બંગાળની અંદર હિંસા થઈ રહી છે તેના કરતાં અલગ પ્રકારની હિંસા છે. અહીં લોકો સામસામા આધુનિક હથિયારોથી લડી રહ્યા છે. આ લોકોને આધુનિક ડ્રોન અને રોકેટ કોણે આપ્યા? આ એક પ્રશ્ન સામાન્ય નાગરિકને પણ થાય છે. આનો સીધો અર્થ એવો થાય કે તેને પાકિસ્તાન, ચીન સહિતના ભારત વિરોધી દેશોનો પાછલે બારણે સપોર્ટ છે. જેને ખતમ કરવામાં આવે તો જ આ વિસ્તારની હિંસા અટકી શકે. મણિપુરમાં ઉગ્રવાદીઓનો ચોરો છે. ડ્રોનથી બોમ્બ અને રોકેટ હુમલો કર્યા બાદ કૂકી ઉગ્રવાદીઓમાં હવે આમને સામને જંગ શરૂ થઈ ગયો છે. તાજેતરનો કિસ્સો શનિવારે જીરીબામ વિસ્તારમાં થયો હતો. કુકી ઉગ્રવાદીઓએ આ વિસ્તારમાં પોલીસ સ્ટેશનથી માત્ર એક કિલોમીટર દૂર ૬૩ વર્ષના એક વૃદ્ધને ઘરમાં ઘૂસીને ગોળી મારી હતી. ઉગ્રવાદીઓ એક દિવસ પહેલા સુરક્ષા દળો દ્વારા પહાડી વિસ્તારમાં તેઓના ત્રણ બંકર નષ્ટ કરવાને કારણે નારાજ હતા. અહીં પહેલા રોકેટથી અને ડ્રોનથી પણ હુમલા થયા છે. જિલ્લાના વિસ્તારોમાં હવે નવું યુદ્ધક્ષેત્ર બની ગયું હોય તેવું લાગે છે. જિલ્લાની સરહદો પર ગ્રામ સુરક્ષા સ્વયંસેવક નામના હથિયારધારી ઉગ્રવાદીઓ માત્ર નજીકના અંતરે છે અને તેઓ હુમલા કરી રહ્યા છે. સરકારે રાજ્યમાં એન્ટી ડ્રોન સિસ્ટમ કાર્યરત કરી છે. હવે અહીં ડ્રોન બોમ્બ અને રોકેટ લોન્ચર લગાવવાનો વિચાર ગૃહ મંત્રાલય દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ બાબતમાં કેન્દ્ર સરકારે આ વિસ્તારમાં સખત પગલા લેવાનો પણ નિર્દેશ કર્યો છે. આમ છતાં આ વિસ્તારમાં હિંસા એક ચિંતા પ્રેરક બાબત આજે બની ચૂકી છે.

# સુરતને લૂંટનાર શિવાજી મહારાજ ન હતા પણ ઔરંગઝેબનો સૂબો હતો

પ્રાસંગિક
સુરેશ દેસાઈ


આપણે શાળાઓમાં બાળકોને જે ઈતિહાસ શીખવાડીએ છીએ તે ઈતિહાસ વિકૃત ઈતિહાસ છે. આ ઈતિહાસમાં કહેવામાં આવ્યું છે કે શિવાજી મહારાજે સુરતને લૂંટીને ભડકે બાળ્યું હતું. ઈતિહાસના પાના ઉપર હિન્દુ ધર્મના રક્ષક એવા શિવાજી મહારાજને લૂંટારા અને અત્યાચારી ચીતરનારા ઈતિહાસને રદ કરવામાં આવે તે જરૂરી છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય મંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું, "શિવાજી મહારાજ સુરતમાં સામાન્ય લોકોને લૂંટવા ગયા હતા, એવો ખોટો ઈતિહાસ કૉંગ્રેસે આપણને વર્ષો સુધી શીખવ્યો છે. આ અંગેનો સાચો ઈતિહાસ શ્રી રંગ ગાયકવાડ નામના લેખક કે પોતાના પુસ્તકમાં લખ્યો છે. એનો ઉલ્લેખ કરીને ગત ૪ થી સપ્ટેમ્બરના રોજ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય મંત્રી દેવેન્દ્ર ફડણવીસે જાહેર પ્રવચનમાં કહ્યું હતું, "છત્રપતિ શિવાજી મહારાજે સુરતને લૂંટ્યું ન હતું, પરંતુ કૉંગ્રેસે આવો ખોટો ઈતિહાસ શીખવ્યો છે સનાતન વિરોધનું આ કાવતરું દાયકાઓથી ચાલી રહ્યું છે." દેવેન્દ્ર ફડણવીસના આ નિવેદન પછી એવી ચર્ચા ચાલી રહી છે કે શિવાજી મહારાજે ખરેખર સુરત લૂંટ્યું હતું? શિવાજી મહારાજના સુરત પરના આક્રમણ બાબતે ઈતિહાસકારોએ શું કહ્યું છે? મહારાષ્ટ્રના કોંકણમાં શિવાજી મહારાજની પ્રતિમા ધસી પડ્યાને પગલે જોરદાર વિવાદ સર્જાયો છે ત્યારે દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું, "છત્રપતિ શિવાજી મહારાજે સુરત લૂંટ્યું ન હતું, પરંતુ .વરાજ્યનો ખજાનો યોગ્ય લોકો પાસેથી લીધો હતો." અને સુરતના ધનિકોએ પોતાનો ખજાનો શિવાજી મહારાજને સામે ચાલીને પૂરો પાડ્યો હતો. સુરતમાં તેઓ પોતાનો ખજાનો પરત લેવા ગયા હતા અને સમુદ્ર માર્ગે મોગલો પોતાની કોઠી પર આક્રમણ ન કરે તેટલા માટે સમુદ્ર માર્ગે આવતા મોગલોના જહાજને અટકાવવા માટે બંદરની કોઠીઓ પર આગ લગાવવામાં આવી હતી. આ આગ મોગલોના ગોડાઉનની હતી નહીં કે સુરત શહેર ભડકે બળતું હતું તેની. પુનાની અંદર ઔરંગઝેબના સુબાએ જે લૂંટ ચલાવી હતી તે ખજાનો પરત લેવા તથા તેને નશ્યત કરવા માટે શિવાજી મહારાજે સુરત પર આક્રમણ કર્યું હતું જેમાં સુરતની પ્રજાને બિલકુલ તકલીફ નહોતી થઈ તેમજ તેમણે કોઈ મિલકતને નુકસાન પણ નહોતું પહોંચાડ્યું તે હકીકત છે કારણ કે શિવાજી મહારાજ જાણતા હતા કે સુરતની મોટાભાગની પ્રજા હિંદુ ધર્મ પાળે છે અને તેઓ પુનામાં લૂંટ કરવામાં સામેલ ન હતા. આથી તેમને શા માટે પરેશાન કરે તે પણ એક હકીકત છે. શિવાજી મહારાજ લૂંટાયેલો ખજાનો જો પાછો મેળવે તો હિન્દુ રાષ્ટ્રની સ્થાપનામાં ખૂબ મોટું બળ મળી શકે. આ વસ્તુ મોગલોને ગમી નહીં આથી તેમણે શિવાજી મહારાજને પતાવી દેવા માટે અનેક વાર પેતરાઓ કર્યા હતા. શિવાજી મહારાજ હિન્દુ રાષ્ટ્રના પ્રણેતા હતા. હિન્દુ રાષ્ટ્રની સ્થાપના થઈ શકે તેનું રક્ષણ થઈ શકે. પરંતુ આ સાચી વાત રાષ્ટ્રવિરોધીઓને ગમી નહોતી આથી તેણે ઈતિહાસ વિકૃત કરી નાખ્યો અને આ વિકૃત ઈતિહાસ આપણે બાળકોને હજી ભણાવી રહ્યા છીએ તે આપણી કમનસીબી છે. સરકારે તાત્કાલિક પાઠ્યપુસ્તકોમાંથી આ વિકૃત ઈતિહાસને દૂર કરવો અત્યંત જરૂરી છે. વિરોધ પક્ષ કૉંગ્રેસની ટીકા કરતાં ફડણવીસે કહ્યું હતું, "શિવાજી મહારાજ સુરતમાં સામાન્ય લોકોને લૂંટવા ગયા હતા, એવો ઈતિહાસ કૉંગ્રેસે આપણને વર્ષો સુધી શીખવ્યો છે." તેમના આ નિવેદનની સર્વત્ર ચર્ચા થઈ રહી છે અને તેના કારણે શિવાજી મહારાજ દ્વારા સુરતની લૂંટનો ઈતિહાસ વિવાદમાં આવ્યો છે. ગુજરાતના સુરતને શિવાજી મહારાજે બે વાર લૂંટ્યું હોવાનો ઉલ્લેખ ઈતિહાસમાં જોવા મળે છે. ઈતિહાસકાર વી.સી. બેન્દ્રે લિખિત 'છત્રપતિ શિવાજી મહારાજ' તથા કૃષ્ણરાવ અર્જુન કેળૂસકરે ૧૯૦૬માં લખેલાં 'છત્રપતિ શિવાજી મહારાજ' શિવચરિત્રો તેમજ જદુનાથ સરકારે ૧૯૧૯થી ૧૯૫૨ના સમયગાળામાં લખેલાં શિવચરિત્રમાં સુરતની લૂંટ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી છે. તેનો સારાંશ નીચે મુજબ છે. સુરતમાં લૂંટ ચલાવનાર અને તેને બે વખત બાળનાર શિવાજી મહારાજ ન હતા પરંતુ ૧૬૬૪માં મુસ્લિમ સૂબો શાહિસ્તખાન હતો તેણે પૂણેમાં પણ લૂંટ અને અત્યાચાર કર્યા હતા. તે મુગલ સરદાર અને ઔરંગઝેબનો મામો હતો. શાહિસ્ત ખાને ત્રણ વર્ષ સુધી મહારાષ્ટ્રમાં અડિંગો જમાવ્યો હતો. તેના કારણે મરાઠા સામ્રાજ્યની આર્થિક સ્થિતિ નાજુક થઈ ગઈ હતી. શિવાજીએ પોતે લાલ મહેલમાં શાહિસ્ત ખાનની આંગળીઓ કાપી નાખીને તેને પૂણેમાંથી હાંકી કાઢ્યો હતો. એ પછી રાજ્યની આર્થિક સ્થિતિ સુધારવા માટે તેમણે તત્કાળ પગલાં લીધાં હતાં.રાજધાની રાજગઢથી ૩૨૫ કિલોમીટર દૂર આવેલું દક્ષિણ ગુજરાતનું સુરત મુગલોનું આર્થિક કેન્દ્ર અને મુખ્ય વ્યાપારી બંદર હતું. તેને લૂંટવાનું શિવાજી મહારાજે નક્કી કર્યું હતું. આ લૂંટ માત્ર પોતાનો ખજાનો પરત લાવવા માટેની હતી. સુરતની સામાન્ય જનતાને પરેશાન કરવાની તેમની કોઈ યોજના નહોતી આ વસ્તુ વિખ્યાત ઈતિહાસકાર જણાવે છે. જદુનાથ સરકારે 'છત્રપતિ શિવાજી મહારાજ કાળ અને કર્તૃત્વ'નામના પુસ્તકમાં લખ્યું છે, "સુરત પહોંચ્યા પછી શિવાજી મહારાજે જાહેર કર્યું હતું કે અહીં અમે અંગ્રેજો કે અન્ય વેપારીને નુકસાન કરવા આવ્યા નથી." "ઔરંગઝેબે શિવાજી મહારાજના રાજ્યને લૂંટ્યું અને તેમના કેટલાક સંબંધીઓની હત્યા કરી, તેનો બદલો લેવા તેઓ સુરત ગયા હતા, પરંતુ એક હેતુ ધન મેળવવાનો પણ હતો. તેઓ ચાર દિવસમાં બને તેટલું વધુ ધન એકઠું કરવા ઈચ્છતા હતા. લૂંટનો માલ લઈને તેઓ ત્યાંથી શક્ય તેટલા વહેલા રવાના થવા ઈચ્છતા હતા." શિવાજી મહારાજે સુરતમાં માત્ર મોગલોની વખારો જ લૂંટી હતી. આ મોગલ લોકો કંઈ દૂધે ધોયેલા નહોતા પરંતુ પુનામાંથી જે લૂંટ ચલાવી હતી તે માલ વખારમાં હતો જે પરત લેવા માટે શિવાજી મહારાજે સુરત પર આક્રમણ કર્યું હતું તેઓ જાતે પોતાના સૈનિકો લઈને ગયા હતા અને માત્ર મોગલોની વખારને જ ટાર્ગેટ કરી તેનો પોતાનો માલ પાછો લીધો હતો પરંતુ રાષ્ટ્રવિરોધી ઈતિહાસકારોએ વિકૃત રૂપ આપીને એવું લખ્યું કે શિવાજી મહારાજે સુરતમાં કત્લેઆમ ચલાવીને લૂંટ કરી હતી, અત્યાચારો કર્યા હતા પરંતુ આ વાત સદંતર ખોટી સાબિત થાય છે.



**છત્રપતિ શિવાજી મહારાજે સુરતમાં લૂંટ મચાવી શહેરને ભડકે બાળ્યું હતું. આ અંગે ઇતિહાસકારો શું કહે છે? સાચો ઇતિહાસ એ છે કે શિવાજી મહારાજ સનાતન ધર્મના રક્ષક હતા. પરંતુ ટીપુ સુલતાન અને હૈદર જ લૂંટારા હતા.**

## શબ્દ સંજોગ-૧૮૬૬



**આડી ચાવી :**
(૧) નોકર, દાસ (૩)
(૪) સંત-ગુરુ કે આચાર્યને ઘરે બોલવવા તે (૫)
(૭) ત્રિદોષ, મૂંઝારો (૪)
(૯) અંગ્રેજો પહેરતા (૨)
(૧૦) નાનુ ગામડુ, માંડવી (૨)
(૧૩) માલ, હિસાબ (૩)
(૧૪) માત્ર, કેવળ (૨)
(૧૫) ધનવાળુ, પૈસાદાર (૪)
(૧૭) તાસક, કલાક (૨)
(૧૮) ડાહી....ન જાય અને ગાંડીને શિખામણ આપે (૩)
(૨૦) એક ફળ (૩)
(૨૨) ભરતીનું ઉતરી જવુ તે (૨)
(૨૩) શ્રેષ્ઠ, જોશીલુ (૨)
(૨૪) ભાગી શકાય તેવુ (૨)
(૨૫) ઘાસનો થર, પાથરણુ (૩)
(૨૬) બાળપણ (૪)
(૨૭) જેની પાસે....છે તે સુખી નથી, પણ ઘણા બધા વિના જે ચલાવી શકે છે તે સુખી છે (૨)

**ઉભી ચાવી :**
(૧) ઉકાળીને કરાતુ ખાંડનું પ્રવાહી (૩)
(૨) પાસે (૨)
(૩) આંખો, લાંબી દોડ (૩)
(૫) ધરાવાપણુ, સંતોષ (૪)
(૬) દસમુ નક્ષત્ર (૨)
(૮) તપસ્વીનું નિવાસસ્થાન (૪)
(૧૧) લોહી (૨)
(૧૨) વ્યક્તિ નાની હોય કે મોટી, આ તો દરેકને આપવુ જ જોઈએ (૨)
(૧૪) નસ, નાડી (૨)
(૧૫) સિગારેટનો વ્યસની જો વાવાઝોડાના પવન વચ્ચેય સિગારેટ પી શકે છે તો ધર્મનો વ્યસની પ્રતિકૂળ વાતાવરણ વચ્ચેય........ કરી શકે છે (૫)
(૧૬) પાત્ર, ઠામ (૩)
(૧૭) .... તે તીર્થ (૨)
(૧૮) સમ્રાટની હકુમત નીચે આવેલા અનેક રાષ્ટ્રનો સમૂહ (૩)
(૧૯) છ રસ, છ સ્વાદવાળુ (૪)
(૨૧) પૂજન, યજ્ઞ કરવો તે (૩)
(૨૨) આશરો, મદદ (૨)
(૨૪) સૂર્ય (૨)
(૨૫) પિયરથી વહુને વિધિસર સવારે વળાવી આણવી તે (૨)

## શબ્દ સંજોગ-૧૮૬૫ જવાબ

**આડી ચાવી :** (૧) મકર (૪) લાલ (૫) વાત (૭) ગરજ (૮) રતલ (૯) રવઈ (૧૦) સીસમ (૧૩) પીજ (૧૫) જુદા (૧૬) ગથીપ(પગથી) (૧૮) નઈ (૧૯) વોકળો (૨૦) ખાર (૨૨)..... (૨૪) મલ્હાર (૨૭) જગ (૨૮) હાલ (૨૯) વિજય (૩૦) મણ.

**ઉભી ચાવી:** (૧) મગર (૨) કરવત (૩) રજઈ (૪) લાપસી (૫) વાત (૬) તલ (૮) રમ (૧૧) સરગવો (૧૨) જુદાઈ (૧૩) પીપળો (૧૪) વિશાખા (૧૫) જુન (૧૭) થીકર (૨૧) રમલ (૨૩) ફાગણ (૨૫) રવિ (૨૬) વાય (૨૭) જમ.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૫૦ | ૧૭૨૨ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૫૮૫ |
| ઘઉં ટુકડા | ૫૪૧ | ૬૧૫ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૭૯૨ |
| જુવાર પીળી | ૪૩૦ | ૪૭૦ |
| બાજરી | ૪૧૦ | ૪૮૦ |
| તુવેર | ૧૬૪૦ | ૨૨૦૦ |
| ચણા પીળા | ૧૨૫૦ | ૧૪૬૫ |
| ચણા સફેદ | ૧૮૦૦ | ૨૯૦૦ |
| અડદ | ૧૬૩૦ | ૧૮૮૮ |
| મગ | ૧૩૫૦ | ૧૭૩૭ |
| વાલ દેશી | ૧૫૦૦ | ૨૨૫૦ |
| ચોળી | ૩૧૧૨ | ૩૧૧૨ |
| વટાણા | ૧૯૦૦ | ૩૦૫૮ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૬૪૦ |
| મગફળી જાડી | ૧૦૭૦ | ૧૨૩૧ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૧૬૧ |
| તલી | ૨૦૦૦ | ૨૬૧૬ |
| એરંડા | ૧૧૨૫ | ૧૧૮૯ |
| સોયાબીન | ૮૭૦ | ૯૧૬ |
| સીંગફાડા | ૯૮૦ | ૧૨૮૫ |
| કાળા તલ | ૩૧૫૦ | ૩૫૭૧ |
| લસણ | ૩૫૦૧ | ૫૫૫૧ |
| ધાણા | ૧૧૯૦ | ૧૪૧૧ |
| ધાણી | ૧૨૨૦ | ૧૬૦૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૨૭૮ |
| જીરૂ | ૪૨૫૦ | ૪૭૮૬ |
| રાય | ૧૦૫૦ | ૧૩૦૦ |
| મેથી | ૯૬૦ | ૧૩૭૮ |
| કલોંજી | ૩૫૫૦ | ૩૫૫૦ |
| રાયડો | ૮૫૦ | ૧૦૭૪ |
| રજકાનું બી | ૩૯૦૦ | ૫૧૮૨ |
| ગુવારનું બી | ૧૦૧૦ | ૧૦૧૮ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૬૦૦ | ૨૬૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૧૧ |
| ડુંગળી સુકી | ૨૬૦ | ૮૪૦ |
| ટમેટા | ૩૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૩૨૦૦ | ૪૫૦૦ |
| મૂળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૯૦૦ | ૧૩૦૦ |
| દુધી | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૪૫૦ | ૭૦૦ |
| સરગવો | ૯૦૦ | ૧૨૫૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૯૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૫૦ | ૫૦૦ |
| કંટોળા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ગલકા | ૩૫૦ | ૭૩૦ |
| બીટ | ૩૩૦ | ૪૫૦ |
| મેથી | ૨૫૦૦ | ૩૫૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૯૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૯૦૦ |
| મગફળી લીલી | ૩૦૦ | ૬૫૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૩૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૦૦ | ૧૧૪૪ |
| શિંગ મોટી | ૬૮૪ | ૧૧૫૨ |
| શિંગ દાણા | ૧૦૦૦ | ૧૪૯૮ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૭૦૦ |
| તલ કાળા | ૨૩૫૦ | ૩૬૨૫ |
| તલ કાશ્મીરી | ૨૧૭૫ | ૩૨૭૦ |
| બાજરો | ૪૦૦ | ૪૯૦ |
| જુવાર | ૩૬૦ | ૭૮૧ |
| ઘઉં ટુકડા | ૫૦૭ | ૬૩૧ |
| ઘઉં લોકવન | ૫૪૧ | ૫૭૮ |
| મકાઈ | ૫૨૬ | ૫૬૨ |
| મગ | ૧૨૮૦ | ૧૫૧૫ |
| અડદ | ૧૫૫૦ | ૧૬૫૦ |
| ચણા | ૧૨૦૧ | ૧૪૬૭ |
| તુવેર | ૧૬૫૬ | ૧૭૦૦ |
| કપાસ | ૯૪૦ | ૧૬૪૮ |
| એરંડા | ૧૧૨૫ | ૧૧૬૧ |
| જીરું | ૪૨૦૦ | ૪૩૦૦ |
| સોયાબીન | ૮૫૬ | ૮૫૯ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૩૫૦ | ૫૩૦ |
| રીંગણાં | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફુલાવર | ૫૩૦ | ૬૨૦ |
| કોબીજ | ૪૫૦ | ૫૦૦ |
| ટામેટા | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૬૦૦ | ૧૬૮૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૫૦૦ | ૬૦૦ |
| કરેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૬૦૦ | ૮૪૦ |
| મૂળા | ૬૫૦ | ૪૫૦ |
| કાકડી | ૫૩૦ | ૬૦૦ |
| ગુવાર | ૫૭૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૫૫૦ | ૮૩૦ |
| ચોળાલીલાં | ૬૦૦ | ૮૪૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૫૫૦ | ૬૨૦ |
| આદુ | ૯૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૩૦૦૦ | ૪૦૦૦ |
| મેથીભાજી | ૩૦૦૦ | ૩૫૦૦ |
| ફુદીનો | ૮૫૦ | ૯૫૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૫૦ |
| શીંગઓળા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૫૫૦ | ૬૩૦ |
| લીમડો મીઠો | ૧૧૦ | ૧૩૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી સૂકી | ૬૮૦ | ૮૦૦ |
| લસણ સૂકું | ૪૦૦૦ | ૫૫૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૨૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| પાલખ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૪૧ | ૧૬૫૯ |
| જીરૂ | ૪૦૨૫ | ૪૫૪૫ |
| ઘઉં | ૪૯૪ | ૫૫૬ |
| ચણા | ૧૨૯૦ | ૧૪૫૦ |
| બાજરો | ૩૯૫ | ૪૦૫ |
| મગ | ૧૫૫૫ | ૧૭૭૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૨૮ |
| શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૩૦ |
| શીંગ નવી | ૫૫૧ | ૬૯૦ |
| શીંગદાણા | - | ૧૩૦૧ |
| તલ સફેદ | ૧૯૩૦ | ૨૩૯૦ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૫૬૦ |
| કપાસ નવો | ૧૨૨૫ | ૧૬૪૫ |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૮૪ |
| ઘઉ-લોકવન | ૫૦૦ | ૬૦૬ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૦૬ |
| બાજરો | ૪૩૫ | ૫૧૦ |
| મગ | - | ૧૫૦૦ |
| ચણા | ૧૩૫૦ | ૧૪૭૫ |
| તુવેર | - | ૧૮૧૦ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૪૫૦ | ૨૫૩૦ |
| તલ કાળા | ૩૩૨૫ | ૩૩૨૫ |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૩૦ |
| બાજરો | ૫૧૧ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૫૧૯ | ૬૮૯ |
| જુવાર | ૪૫૨ | ૮૫૧ |
| અડદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૫૦૨ |
| રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૮૪૧ | ૮૪૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૩૦ | ૧૧૭૨ |
| મગફળી ૩૨.નં. | ૧૦૦૦ | ૧૧૦૮ |
| બાજરી | ૪૬૦ | ૫૩૧ |
| ઘઉં | ૫૦૦ | ૬૩૧ |
| સફેદ તલ | ૨૧૬૦ | ૨૫૭૨ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૪૭૫ |
| સોયાબીન | ૮૫૦ | ૮૮૫ |
| જુવાર | ૫૧૦ | ૭૯૦ |
| મગ | ૧૨૫૦ | ૧૭૧૨ |
| ચણા | ૧૨૦૦ | ૧૪૬૨ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૬૫૧ |
| ઘઉં લોકવન | ૫૦૨ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૬૩૬ |
| મગફળી જીણી | ૮૦૧ | ૧૧૪૬ |
| સિંગદાણા | ૧૧૪૧ | ૧૫૪૧ |
| સિંગ ફાડીયા | ૯૩૧ | ૧૨૪૧ |
| એરંડા | ૯૩૧ | ૧૧૮૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૮૫૧ |
| વરીયાળી | ૯૦૧ | ૧૧૭૬ |
| ધાણા | ૮૦૦ | ૧૫૨૧ |
| લસણ સુકું | ૧૭૫૧ | ૫૪૬૧ |
| ડુંગળી લાલ | ૨૫૧ | ૭૬૧ |
| અડદ | ૧૪૩૧ | ૧૫૯૧ |
| તુવેર | ૧૯૯૧ | ૨૨૧૧ |
| રાયડો | ૯૪૧ | ૧૦૬૧ |
| રાય | ૧૨૩૧ | ૧૨૩૧ |
| મેથી | ૮૦૦ | ૧૨૦૧ |
| કાંગ | ૧૧૬૧ | ૧૧૬૧ |
| મગફળી જાડી | ૭૫૧ | ૧૧૭૧ |
| સફેદ ચણા | ૧૪૨૬ | ૨૮૫૧ |
| મગફળી નવી | ૬૦૦ | ૧૨૦૦ |
| તલ – તલી | ૧૯૩૧ | ૨૫૦૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૫૦૧ |
| બાજરો | ૨૪૧ | ૪૮૧ |
| જુવાર | ૪૯૧ | ૮૪૧ |
| મકાઇ | ૫૧૧ | ૫૬૧ |
| મગ | ૧૩૭૧ | ૧૬૪૧ |
| ચણા | ૧૩૫૧ | ૧૪૭૧ |
| વાલ | ૫૩૧ | ૨૧૦૧ |
| વાલ પાપડી | ૫૨૬ | ૨૧૨૧ |
| સોયાબીન | ૭૭૧ | ૮૬૧ |
| અજમાં | ૧૭૫૧ | ૧૭૫૧ |
| ગોગળી | ૬૦૧ | ૧૦૯૧ |
| વટાણા | ૧૦૧૧ | ૧૦૧૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૫૦ | ૧૭૪૦ |
| ઘઉં | ૪૭૦ | ૪૯૧ |
| ચણા | ૭૫૦ | ૮૯૦ |
| ધાણા | ૧૫૨૬ | ૧૯૦૧ |
| જુવાર | ૬૦૦ | ૬૭૧ |
| વાલ | ૯૦૦ | ૯૫૦ |
| મગ | ૮૬૦ | ૧૦૨૫ |
| અડદ | ૧૨૦૧ | ૧૩૧૫ |
| સોયાબીન | ૯૦૦ | ૯૫૧ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૬૩૦ |
| તલ સફેદ | ૨૧૦૫ | ૨૪૬૫ |
| મગફળી | ૯૪૨ | ૧૦૯૩ |
| તલ કાળા | ૨૪૫૨ | ૨૫૭૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૦૫ | ૧૧૨૧ |
| ઘઉં | ૩૫૦ | ૫૬૮ |
| ચણા | ૧૨૮૯ | ૧૨૮૯ |
| તલ | ૧૮૪૦ | ૨૩૮૭ |
| એરંડા | ૧૦૫૫ | ૧૦૫૫ |
| સોયાબીન | ૮૪૩ | ૮૫૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૪૫૨ | ૧૭૫૧ |
| કપાસ કોડી | ૯૩૪ | ૧૩૫૦ |
| **મહુવા** | | |
| શીંગ નં.૩૯ | ૯૪૧ | ૧૨૨૪ |
| શીંગ દાણા | ૧૨૬૭ | ૧૨૬૭ |
| શીંગ જી.-૨૦ | ૧૧૩૦ | ૧૧૩૦ |
| એરંડા | ૧૧૦૭ | ૧૩૬૬ |
| જુવાર | ૪૮૭ | ૭૭૮ |
| બાજરો | ૪૪૮ | ૫૨૮ |
| ઘઉં | ૪૫૨ | ૬૫૦ |
| મગ | ૫૦૦ | ૧૪૬૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૯૩ |
| તલ | ૧૭૫૧ | ૨૫૯૯ |
| ડુંગળી | ૧૦૦ | ૮૦૭ |
| ડુંગળી સફેદ | ૩૩૨ | ૪૦૨ |
| નાળિયેર | ૫૩૫ | ૧૮૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૭૦ |
| જુવાર | ૫૪૦ | ૭૩૫ |
| બાજરો | ૨૦૦ | ૪૯૦ |
| ઘઉં | ૫૦૦ | ૬૪૧ |
| મગ | ૧૧૦૦ | ૧૪૦૫ |
| અડદ | ૧૫૦૦ | ૧૭૫૦ |
| તુવેર | ૧૭૦૦ | ૧૮૯૦ |
| ચોળી | ૨૫૦૦ | ૨૯૦૦ |
| ચણા | ૬૯૦ | ૯૫૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૭૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૭૬ |
| તલ | ૨૨૦૦ | ૨૫૫૫ |
| રાયડો | ૯૫૦ | ૧૨૬૭ |
| લસણ | ૨૦૦૦ | ૫૨૫૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૭૯૫ |
| અજમો | ૨૧૭૫ | ૩૬૧૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૧૧ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૭૦૫ |
| સીંગદાણા | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ઈસબગુલ | ૯૪૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૭૫૫ | ૮૩૫ |
| **તળાજા** | | |
| શીંગ મગડી | ૧૧૪૦ | ૧૧૪૧ |
| મગફળી જાડી | ૧૦૫૫ | ૧૦૫૬ |
| તલ | ૧૭૦૦ | ૨૭૦૦ |
| તલ કાળા | ૩૩૫૦ | ૩૪૫૨ |
| ઘઉ ટુકડા | ૪૩૧ | ૬૩૦ |
| બાજરો | ૪૭૫ | ૫૩૫ |
| જુવાર | ૬૫૦ | ૬૫૦ |
| મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૩૦૦ | ૧૪૬૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

## અમરેલી જિલ્લા સહિત સૌરાષ્ટ્રના જિલ્લાઓ માટે કલ્પસર યોજના શરૂ કરવી ખુબ જ જરૂરી

# કલ્પસર યોજના શરૂ કરવા પૂર્વ ધારાસભ્ય બાવકુભાઈ ઉંધાડે પ્રધાનમંત્રીને પત્ર પાઠવ્યો

**કલ્પસર યોજના આવનારી પેઢી માટે અતિ ઉપયોગી**

અમરેલી, તા.૦૯

સૌરાષ્ટ્રમાં આવેલો અમરેલી જિલ્લો મુખ્યત્વે ખેતી પર આધારીત જિલ્લો છે. જેમાં ખેડૂતો સિંચાઈ માટે બોર અને કૂવા આધારીત પાણી પર નિર્ભર છે ત્યારે સૌરાષ્ટ્રનાં જિલ્લાઓને બચાવવા માટે કલ્પસર યોજના ખૂબ જ જરૂરી હોવાનું જણાવી પૂર્વ ધારાસભ્ય બાવકુભાઈ ઉંધાડે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવ્યો છે. બાવકુભાઈ ઉંધાડે પાઠવેલા પત્રમાં જણાવવામાં આવેલ છે કે, અમરેલી સહિત સૌરાષ્ટ્રનાં જિલ્લાઓમાં નાના, મધ્યમ અને મોટા ડેમ આવેલા છે. તેમાંથી ખૂબ જ અલ્પ માત્રામાં ખેડૂતોને સિંચાઈનું પાણી મળે છે. સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર અને ભાવનગરમાં જુજ પ્રકારના ઉદ્યોગો છે જેના કારણે લોકો મોટા પ્રમાણમાં ગ્રામ્ય પંથકમાંથી મેટ્રો શહેરમાં સ્થળાંતરિત થઈ રહ્યા છે. ખાસ કરીને અમરેલી જિલ્લો ખેતી આધારીત જિલ્લો હોય બધી



વસ્તુઓ કંપનીઓની તૈયાર મળતી હોય, કારીગર વર્ગ પણ જિલ્લામાંથી સ્થળાંતર કરી રહ્યો છે ત્યારે સૌરાષ્ટ્રનાં જિલ્લાઓને બચાવવા માટે કલ્પસર યોજના ખૂબ જ જરૂરી છે. સૌરાષ્ટ્રમાં કલ્પસર યોજના જ સૌરાષ્ટમાંથી સ્થળાંતર થતું અટકાવી શકે તેમ છે. ઉપરાંત મધ્ય અને દક્ષિણ ગુજરાત તથા દક્ષિણ ભારત જવાનો રસ્તો પણ ટૂંકો થઈ શકે તેમ છે. જેનાં કારણે ઈંધણની બચત, ટાયરનો ઘસારો અને વિદેશ જતું હૂંડિયામણ તથા પર્યાવરણ બચાવી શકાય છે. કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય યોજના જાહેર કરી ૮૦:૨૦ પ્રમાણે ૮૦ ટકા કેન્દ્ર, ૨૦ ટકા રાજય સરકાર ગ્રાન્ટ ફાળવી સૌરાષ્ટ્રની કાયાપલટ કરવા કલ્પસર યોજના શરૂ કરવી ખૂબ જ જરૂરી છે. આજે દરેક ખેતરોમાં વીજ કનેકશનો આવી ગયા છે. ખેડૂતો બોર, કૂવા આધારીત ખેતી કરતાં હોય પાણીનાં ભૂગર્ભતળ એકસાથે પાણી ઉલેચવાના કારણે પાણી ટકી શકતા ન હોય જેથી ભૂગર્ભજળ ઝડપથી ખાલી થઈ જાય છે. હાલ કઠોળ, તેલ સિવાયની અનેક ખાદ્ય વસ્તુઓ આપણે આયાત કરવી પડે છે. પાણીનાં લીધે ભવિષ્યમાં આવનારા પડકારો માટે કલ્પસર યોજના ખૂબ જ જરૂરી છે. ખેતરે ખેતરે પાણી અને દરેક હાથને કામ આપવું હોય તો કલ્પસર યોજના એકમાત્ર વિકલ્પ છે. ખેતી સાથે જોડાયેલા ગામડાં અને ગામડાંમાં રહેતા તમામ વર્ગો, વેપારીઓને, ઉદ્યોગોને સમૃદ્ધ કરવા કલ્પસરનું પાણી એકમાત્ર વિકલ્પ છે. જેથી સૌરાષ્ટ્રનાં જિલ્લાઓને બચાવવા કલ્પસર યોજના વિશે વિચાર કરી કેબિનેટમાં આ નિર્ણય લેવાય તેવી પૂર્વ ધારાસભ્ય બાવકુભાઈ ઉંધાડે અંતમાં રજૂઆત કરી છે.

## ગોંડલ પંથકમાં ફરી દીપડાના આંટાફેરા: કમરકોટડા ગામની સીમમાં મારણ કર્યું



ગોંડલ, તા.૦૯

ગોંડલ પંથકમાં ફરી દીપડો દેખાયો હતો. તાલુકાના કમરકોટડાથી શ્રીનાથગઢની વચ્ચે ભાદર નદીના કાંઠે જીવાઈ દોરી રિઝર્વ ફોરેસ્ટ (અનામત જંગલ) વિસ્તારમાં દીપડાએ દેખા દીધી હતી. ખેડૂતે મોબાઈલમાં દીપડાનો વીડિયો રેકોર્ડ કર્યો હતો અને ફોરેસ્ટ વિભાગને જાણ કરી હતી. ત્યારે ફોરેસ્ટ વિભાગના RFO દીપકસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ રાઉન્ડ ફોરેસ્ટ એચ.એમ. જાડેજા, ટ્રેકર ટીમ સાથે સ્થળ પર પહોંચ્યા હતા અને દીપડાના પંજાના નિશાન પર શોધખોળ હાથ ધરી હતી.

## ગોંડલમાં બે નવા ફોરલેન બ્રિજ નિર્માણ માટે મુખ્યમંત્રીએ આપી સૈદ્ધાંતિક મંજૂરી

ગાંધીનગર,તા.૦૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગોંડલ નગરમાં બે નવા ફોરલેન બ્રિજ નિર્માણ માટે ૫૬.૮૪ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ફ્લાયઓવર બ્રિજ હેઠળ ગોંડલમાં પાંજરાપોળ પાસે રૂ. ૨૮.૦૨ કરોડના ખર્ચે તથા ગવર્નમેન્ટ હોસ્પિટલ ચોક પાસે રૂ. ૨૮.૮૨ કરોડના ખર્ચે આ બે બ્રિજ નિર્માણ પામશે. ગોંડલ શહેરમાં ગોંડલી નદી પર રાજાશાહી સમયના ૧૦૦ વર્ષથી વધુ સમયના બે બ્રિજ ઉપર ગોંડલ આસપાસના ગામો અને તાલુકાના વાહનોનો ખૂબ જ ટ્રાફિક રહેતો હતો. આ ૧૦૦ વર્ષ જૂના બ્રિજ ભારે વાહનો માટે બંધ કરવામાં આવતા તેના સ્થાને ડાયવર્ઝન માટે માત્ર ૧ જ માર્ગ નેશનલ હાઈવે ૨૭ ગોંડલથી સુરેશ્વર ચોકડી સુધીનો ઉપલબ્ધ છે. એટલું જ નહિ, ભારે વરસાદના સમયમાં વિયર કમ



કોઝવે પરથી પાણી પસાર થતું હોવાથી આ રસ્તો પણ બંધ થઈ જાય છે અને તમામ વાહનોને ભારે મુશ્કેલી ભોગવવી પડે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ સંદર્ભમાં આવેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતા તેમણે ગોંડલ નગરમાં બે નવા બ્રિજ બનાવવા માટે રૂ. ૫૬.૮૪ કરોડની રકમ ફાળવવા સૈદ્ધાંતિક અનુમતી આપી છે. આ બે નવા બ્રિજ નિર્માણ થવાથી ભાવનગર-આટકોટથી જૂનાગઢ જતા વાહનોને તેમજ ઘોઘાવદર મોવીયાથી જૂનાગઢ અને કોટડાથી જેતપુર-જૂનાગઢ જતા વાહનોને ફોરલેન બ્રિજની સુવિધા મળતી થશે.

## કોડીનારના ડોળાસા ગામે જાહેર સ્થળોએ સફાઈ કરવામાં આવી

કોડીનાર, તા.૦૯




ડોળાસા ગામે જાહેર સ્થળો, માધ્યમિક અને કુમાર પ્રાથમિક શાળા, ચાર ચોક-ઉના રોડ, ગોંદરપરા પ્રાથમિક શાળાનો રોડ, નદીના પુલની બાજુમાં વિગેરે સ્થળોએ જેસીબી અને ટ્રેકટરની મદદથી સફાઈ કામ હાથ ધરવામાં આવ્યુ હતું. આ જાહેર સેવાકિય કાર્યમાં સરપંચ ગોવિંદભાઈ કાતિરા અને સદસ્ય કાદુભાઈ ડોડીયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સમગ્ર જિલ્લામાં પડેલા ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં ગંદકીના થર જામ્યા હતા. જે સમયસર દૂર કરતા સ્થાનિકોમાં રાહતનો માહોલ છવાયો હતો.

## ગુજરાત માસ્ટર્સ એથ્લેટિક ચેમ્પિયનશીપ સ્પર્ધા-૨૦૨૪માં કોડીનારના ખેલાડીઓ ઝળક્યા

ઉના, તા.૦૯

ફીટ ઈન્ડિયા, ગુજરાત માસ્ટર્સ એથ્લેટિક ચેમ્પિયનશીપ સ્પર્ધા ૨૦૨૪ નડિયાદ મુકામે યોજાઈ હતી. આ સ્પર્ધામાં કોડીનાર તાલુકાના ૩ ખેલાડીઓએ ગોલ્ડ અને લોંગ જમ્પ સ્પર્ધામાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. કોડીનારનું ગૌરવ વધારવા બદલ પરિવાર


તસવીર : કૈલેશ ભટ્ટ

અને ગામલોકોએ અભિનંદન પાઠવ્યા હતા. કોડીનાર તાલુકાના નવઘણભાઈ દાહીમા ઉ.૬૭, મનોજભાઈ મોરી ઉ.૫૧ (હાલ ઓખા) અને નરસિંહભાઈ જાદવ ઉ.૬૭, જેમાં નવઘણભાઈએ ૨૦૦ મીટર દોડમાં ગોલ્ડ અને લોંગ જમ્પમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. મનોજભાઈએ ૫૦૦૦ મીટર ઝડપી ચાલમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. જ્યારે નરસિંહભાઈએ બરછી ફેંક સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

## સાવરકુંડલા નગરપાલિકા શહેરની જાહેર સમસ્યાઓ નિવારવા સતત પ્રયત્નશીલ

સાવકુંડલા,તા.૦૯

સાવરકુંડલા શહેરમાં નગરપાલિકા દ્વારા જાહેર રસ્તા, સફાઈ, વીજળી, પાણી, ગટરની સફાઈ જેવી જાહેર સમસ્યાઓના નિરાકરણ માટે સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. નગરપાલિકાના વોર્ડ નંબર ૧માં મોદી હાઈસ્કૂલની સામે ડિમોલીશન પછી ભાંગેલા ઓટા,



ઈંટો અને પથ્થરોનો કચરો પડેલ. આ વિસ્તારમાં રહેતા લોકો અને દુકાનદારોની વિનંતી ધ્યાને લઈ સામાજિક કાર્યકર અને સાવરકુંડલા શહેર ભાજપના મહામંત્રી લલીતભાઈ મારૂએ નગરપાલિકાના ચીફ ઓફિસર બોરડને સ્થળ પરના ફોટો મોકલીને આ કચરો દૂર કરવાની વિનંતી કરી હતી. જેના પરિણામ સ્વરૂપ બીજા દિવસે નગરપાલિકા દ્વારા જેસીબી અને ટ્રેક્ટર સાથે લાવી આ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી.


**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૨૮/૨૪ તા.૦૨/૦૯/૨૦૨૪

વિવાદી :- શ્રી કાન્તાબેન ઘન્શયામભાઈ બોરડ
રહે. ૯૭-કવિતા રો હાઉસ વિભાગ-૨ નિર્મળનગર
સોસાયટીની પાછળ, સુઝલ ફાર્મ રોડ,
રાજવી શોપીંગની બાજુમાં, સરથાણા મોટા વરાછા
મુ.સુરત મો. ૯૮૭૯૦૪૦૫૩૦

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદીઃ- જન્મ -મરણ નોંધણી અધિકારી-વ- તલાટી કમ મંત્રીશ્રી
મુ. ધામેલ, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ધામેલ ગામના રહીશ આ કામના અરજદારશ્રી ના પુત્ર વિપુલભાઈ ઘન્શયામભાઈ બોરડ નો જન્મ તા.૦૭/૦૭/૧૯૮૧ ના રોજ ધામેલ, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૯/૦૭/૨૪થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૯/૨૦૨૪ ના રોજ સવાર/બપોરના ૧૫:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં. જન્મ નોંધણી/અરજી નં.૧૧૪/૨૦૨૪

**અરજદારશ્રીઃ** શ્રી મનજીભાઈ નાનજીભાઈ કાકડીયા
રે. ધાર, તા. સાવરકુંડલા જિ. અમરેલી
તા. સાવરકુંડલા જિ. અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી ધાર, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રીની પુત્રી હંસાબેન મનજીભાઈ કાકડીયા નો જન્મ તા.૦૩/૦૭/૧૯૬૬ ના રોજ મુ.ધાર, તા.સાવરકુંડલા, જી.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં. જન્મ નોંધણી/અરજી નં.૧૨૪/૨૦૨૪

**અરજદારશ્રીઃ** શ્રી ધીરૂભાઈ બેચરભાઈ બોઘરા
રે. ફિફાદ, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી ફિફાદ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રીના કાકા ના દીકરા પ્રવિણકુમાર જેરામભાઈ બોઘરા નો જન્મ તા.૦૯/૦૩/૧૯૬૯ ના રોજ મુ.ફિફાદ, તા.સાવરકુંડલા, જી.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

**-//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી.નં.૬૧/૨૦૨૪

**અરજદાર :-** શ્રી હંસાબેન રવજીભાઈ ગજેરા
રહે.સુરત, ૧૮૯- ક્રિષ્ના પાર્ક સોસાયટી, વિ-૫,
પાણીની ટાંકીની બાજુમાં, સીમાડા ગામ, સુરત.

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.મોટા ભંડારીયા, તા/જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા ભંડારિયા ગામના હંસાબેન રવજીભાઈ ગજેરા તેઓના પુત્ર કિશોરકુમાર રવજીભાઈ ગજેરાની જન્મ તા.૧૮/૧૦/૧૯૭૩ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૫/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં. જન્મ નોંધણી/અરજી નં.૯૮/૨૦૨૪

**અરજદારશ્રીઃ** શ્રી ગોરધનભાઈ વાલજીભાઈ રાઠોડ
રે. પીયાવા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી પીયાવા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રીની પુત્રી શિલ્પાબેન ગોરધનભાઈ રાઠોડ નો જન્મ તા.૦૬/૦૬/૧૯૮૮ ના રોજ મુ.પીયાવા, તા.સાવરકુંડલા, જી.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં. જન્મ નોંધણી/અરજી નં.૧૧૩/૨૦૨૪

**અરજદારશ્રીઃ** શ્રી લીલીબેન અનંતરાય વિરાણી
રે. બાઢડા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી બાઢડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રીની પુત્રી ગીતાબેન અનંતરાય વિરાણી નો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૯ ના રોજ મુ.બાઢડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં. જન્મ નોંધણી/અરજી નં.૧૦૦/૨૦૨૪

**અરજદારશ્રીઃ** શ્રી કેશુભાઈ ઘુઘાભાઈ આંકોલીયા
રે. વંડા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી વંડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રીનો પુત્ર સંજયભાઈ કેશુભાઈ આંકોલીયા નો જન્મ તા.૦૧/૦૧/૧૯૯૦ ના રોજ મુ.વંડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં. જન્મ નોંધણી/અરજી નં.૧૨૩/૨૦૨૪

**અરજદારશ્રીઃ** શ્રી દિનેશભાઈ બાલાભાઈ હુંમર
રે. એપલ એવન્યુ, સ્વસ્તિક પ્લાજાની પાસે, યોગિચોક, સુરત

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી વાશીયાળી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રી દિનેશભાઈ બાલાભાઈ હુંમર નો જન્મ તા.૦૧/૦૯/૧૯૭૪ ના રોજ મુ.વાશીયાળી, તા.સાવરકુંડલા, જી.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.


આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

### બંગાળની ખાડી પરનો લો પ્રેશર વિસ્તાર ડિપ્રેશનમાં ફેરવાઈ ગયો

# બંગાળની ખાડીમાં ચક્રવાતનો ભય, દરિયાકાંઠાના રાજ્યોમાં ભારે વરસાદ વરસી શકે છે : હવામાન વિભાગ

નવીદિલ્હી,તા.૦૯



પશ્ચિમ મધ્ય અને નજીકના ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી પરનો લો પ્રેશર વિસ્તાર ડિપ્રેશનમાં ફેરવાઈ ગયો છે અને ચક્રવાતનો ખતરો છે. તેની અસરને કારણે આંધ્રપ્રદેશ અને ઓડિશા સહિતના દરિયાકાંઠાના રાજ્યોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે અને ઓછામાં ઓછા આગામી ત્રણ દિવસ સુધી હવામાન આવું જ રહેવાની ધારણા છે. હવામાન વિભાગે આંધ્રપ્રદેશ, ઓડિશા, તેલંગાણા, છત્તીસગઢ અને ઝારખંડના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદને લઈને એલર્ટ જાહેર કર્યું છે. હિમાચલ પ્રદેશ અને રાજસ્થાનમાં પણ મુશળધાર વરસાદ પડી રહ્યો છે.

હવામાન વિભાગ અનુસાર, બંગાળની ખાડીમાં સર્જાયેલ ડિપ્રેશન બે દિવસમાં ચક્રવાતમાં ફેરવાઈ જવાનો ભય છે. તેના પ્રભાવ હેઠળ, પશ્ચિમ બંગાળ, દક્ષિણ ઓડિશા, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, દક્ષિણ ઝારખંડ અને છત્તીસગઢ અને પૂર્વી તેલંગાણાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે સપાટી પરના પવનો અને ભારે વરસાદની અપેક્ષા છે.

### સર્વોચ્ચ અદાલતે મૃત્યુદંડના દોષિતોની દયા અરજીઓ ફગાવી દીધી છે ત્યારે

# ૫૬૧ મૃત્યુદંડના કેદીઓને ફાંસી આપવામાં વિલંબ કેમ ? સુપ્રીમ

નવીદિલ્હી,તા.૦૯



સર્વોચ્ચ અદાલતે મૃત્યુદંડના દોષિતોની દયા અરજીઓ ફગાવી દીધી છે પછી પણ ફાંસી આપવામાં વિલંબ શા માટે થાય છે તેના પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે કહ્યું કે ફાંસી આપવામાં કોઈ વિલંબ ન થાય તે માટે તે રાજ્ય અને ન્યાયતંત્ર માટે માર્ગદર્શિકા જારી કરશે. દેશની જેલોમાં ૫૬૧ મૃત્યુદંડના કેદીઓ કેદ છે. ઉત્તર પ્રદેશની જેલોમાં સૌથી વધુ ૧૧૯ કેદીઓ છે. બળાત્કાર અને હત્યા કેસમાં ફાંસીની સજામાં વિલંબને કારણે, મુંબઈ હાઈકોર્ટ દ્વારા સજાને ૩૫ વર્ષની કેદમાં ફેરવવામાં આવી હતી. જસ્ટિસ અભય ઓકા, અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે આ નિર્ણય સામે મહારાષ્ટ્ર સરકારની અપીલ પર સુનાવણી કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. જસ્ટિસ ઓકાએ પૂછ્યું, "શું આપણે એવી પ્રક્રિયા ન બનાવી શકીએ કે જેમાં સુપ્રીમ કોર્ટ મૃત્યુદંડની પુષ્ટિ કરે પછી રાજ્ય ફાંસી માટે વોરંટ જારી કરવા માટે સેશન્સ કોર્ટનો સંપર્ક કરે ? આ પછી, દોષિતને નોટિસ આપવામાં આવે છે અને કાનૂની રજૂઆત કરવામાં આવે છે. "તેમાં આરોપીને અધિકારો વિશે માહિતગાર કરવામાં આવશે અને તેની પુષ્ટિ કરવામાં આવશે કે દોષિતની કોઈ દયા અરજી પેન્ડિંગ છે કે નહીં. હાઈકોર્ટે તેને ૩૫ વર્ષની કેદમાં બદલી આપુ હતી. ફાંસીની સજામાં વિલંબનો ઉલ્લેખ કરતાં સર્વોચ્ચ અદાલતે પૂછ્યું કે આટલાં વર્ષો પછી શું આપણે તેને ફરીથી મૃત્યુદંડમાં ફેરવી શકીએ ? નવ વર્ષ બહુ મોડું નથી થયું ? સુપ્રીમ કોર્ટમાંથી મૃત્યુદંડની પુષ્ટિ થયાં પછી, દોષિત રાજ્યપાલ અથવા રાષ્ટ્રપતિ પાસે દયાની અરજી દાખલ કરે છે. સુપ્રીમ કોર્ટ દ્વારા અપીલ નકારી કાઢવામાં આવ્યાં બાદ, દોષિત પાસે ૩૦ દિવસની અંદર દયાની અરજી દાખલ કરવાનો સમય હોય છે.

### ટ્રેક પરથી સિલિન્ડર, પેટ્રોલ સહિતની વસ્તુ મળી આવી

# કાનપુરમાં ફરી એકવાર ટ્રેનને પાટા પરથી ઉથલાવવાનો પ્રયાસ

કાનપુર,તા.૦૯



કાનપુરમાં ફરી એકવાર ટ્રેનને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ ઘટના રવિવારે મોડી સાંજે અનવર-કાસગંજ રૂટ પર બની હતી. કાલિંદી એક્સપ્રેસ ટ્રેક પર રાખવામાં આવેલા સિલિન્ડર સાથે અથડાઈ હતી. કાલિંદી એક્સપ્રેસના લોકો પાયલટે તરત જ વરિષ્ઠ અધિકારીને જાણ કરી. ઘટના બાદ આરપીએફ, જીઆરપી અને રેલવેના વરિષ્ઠ અધિકારીઓએ તપાસ હાથ ધરી હતી. હવે IB, STF અને ATS આ મામલાની તપાસ કરી રહી છે. ટ્રેક પરથી સિલિન્ડર ઉપરાંત પેટ્રોલ, માચીસની સ્ટિક અને બેગ મળી આવી હતી. બેગમાંથી ગનપાઉડર જેવો પદાર્થ મળી આવ્યો હતો. આરપીએફએ કહ્યું કે આતંકવાદી ઘટનાને નકારી શકાય નહીં. છ શકમંદોને પૂછપરછ માટે ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે આ વિસ્તારના જમાતીઓને પણ રડાર પર લીધા છે. તપાસ માટે ૬ ટીમો બનાવવામાં આવી છે. DCP પશ્ચિમ રાજેશ કુમાર સિંહે કહ્યું કે નજીકના વિસ્તારોમાંથી આવતા જમાતીઓની તપાસ કરવામાં આવી રહી છે.

જમાતીઓ ક્યાંથી આવ્યા છે અને તેઓ ક્યાં રોકાયા છે તેની પણ તપાસ કરવામાં આવી રહી છે.

# બંગાળના ગવર્નરે મમતા સરકારને તાકીદે કેબિનેટની બેઠક બોલાવવા સૂચના આપી

**રાજ્ય સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહી : ગવર્નર**

કોલકાત્તા,તા.૦૯



પશ્ચિમ બંગાળના ગવર્નર સીવી આનંદ બોઝે મમતા સરકારને કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજમાં તાલીમાર્થી ડૉક્ટરના બળાત્કાર-હત્યા અને ભ્રષ્ટાચારના મામલાને લઈને ઈમરજન્સી કેબિનેટ બેઠક બોલાવવા સૂચના આપી છે. બોસે કહ્યું, કોલકાતા પોલીસ કમિશનર વિનીત ગોયલને બરતરફ કરવા જોઈએ. રાજ્ય સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી શકે તેમ નથી. શાહમૃગ જેવું વલણ પૂરતું નથી. રાજ્યએ બંધારણ અને કાયદાના શાસન હેઠળ કામ કરવું જોઈએ. હકીકતમાં, ૯ ઓગસ્ટના રોજ કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજમાં એક ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર થયો હતો. જે બાદ તેનો અર્ધનગ્ન મૃતદેહ મળી આવ્યો હતો. કોલકાતા પોલીસ પર આ કેસમાં બેદરકારીનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

### ઘટના બાદ પોલીસે તપાસ શરૂ કરી

# પટણામાં ભાજપ નેતાની નિર્મમ હત્યાથી લોકોમાં ભયનો માહોલ

(એ.આર.એલ),પટણા,તા.૯



પટણા શહેરમાં ભાજપ ચોક મંડળના પ્રમુખ મુન્ના શર્માની લૂંટ દરમિયાન ગુનેગારોએ ગોળી મારીને હત્યા કરી હતી. ઘટનાની માહિતી મળતાની સાથે જ પોલીસ ઘટના સ્થળે પહોંચી અને મુન્ના શર્માના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પટનાની નાલંદા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં મોકલી આપ્યો અને કેસની તપાસ શરૂ કરી. જણાવવામાં આવી રહ્યું છે કે રવિવારે મુન્ના શર્માના પુત્રનો એક કાર્યક્રમ હતો. સોમવારે સવારે તે પોતાના પરિવારને છોડવા મંગળ તળાવ પાસે પહોંચ્યો હતો. આ ક્રમમાં, સોનાની ચેઈન છીનવી લેતી વખતે ગુનેગારોએ તેને ગોળી મારી હતી. મુન્ના શર્માનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. માહિતી મળતાં જ ચોક પોલીસ સ્ટેશનની પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. ઘટનાની પુષ્ટિ કરતા ચોક પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ શશિ કુમાર રાણાએ જણાવ્યું કે મુન્ના શર્માની હત્યાનો મામલો સોમવારે સવારે પ્રકાશમાં આવી રહ્યો છે. ઘટના બાદ પોલીસે એફએસએલ ટીમ અને ડોગ સ્કવોડ દ્વારા સ્થળ પર તપાસ શરૂ કરી છે. સ્ટેશન ઈન્ચાર્જે કહ્યું કે પોલીસ ઘટના સ્થળની આસપાસના સીસીટીવી કેમેરા પણ સ્કેન કરી રહી છે. આ ઉપરાંત આ મામલે નજીકના લોકો સાથે પણ વાતચીત કરવામાં આવી રહી છે.

# રૂા.૪૨૦૦ કરોડ ચુકવી દેવા ગૌતમ અદાણીનું બાંગ્લાદેશને અલ્ટીમેટમ

મુંબઈ,તા.૦૯

અબજોપતિ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીનો બિઝનેસ વિશ્વના ઘણા દેશોમાં ફેલાયેલો છે. તે ભારતના પડોશી દેશ બાંગ્લાદેશમાં ઘણા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પાવર પ્રોજેક્ટ્સ પર પણ કામ કરે છે. આવી સ્થિતિમાં, બાંગ્લાદેશમાં રાજકીય અસ્થિરતા વચ્ચે, ગૌતમ અદાણીએ ત્યાંની વચગાળાની સરકારને તેમની ૫૦૦ મિલિયન ડોલર (લગભગ ૪,૨૦૦ કરોડ રૂપિયા)ની ચૂકવણી ટૂંક સમયમાં કરવા કહ્યું છે. બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાની હકાલપટ્ટી બાદ નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકારની રચના કરવામાં આવી છે. ગૌતમ અદાણીએ આ સરકારને તાકીદ કરી છે કે પાવર પ્રોજેક્ટનું બાકી પેમેન્ટ તાત્કાલિક ચૂકવી દો. અદાણી ગ્રુપ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનના આધારે કહેવામાં આવ્યું છે કે નાણાકીય પડકારો વધતા હોવા છતાં તે બાંગ્લાદેશને વીજ પુરવઠો આપવા માટે પ્રતિબદ્ધ છે.

# રાજસ્થાનના બીકાનેરમાં ભારત-યુએસ આર્મી વચ્ચે સંયુક્ત યુધ્ધાભ્યાસ શરૂ

બીકાનેર,તા.૦૯




રાજસ્થાનના બીકાનેરમાં સોમવારે મહાજન ફીલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે ભારત અને યુએસ આર્મીનો સંયુક્ત યુદ્ધાભ્યાસ શરૂ થયો છે. અમેરિકાની હાઈ મોબિલિટી આર્ટિલરી રોકેટ સિસ્ટમ (HIMARS)નું પ્રથમ વખત પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. આ આર્ટિલરીની ફાયરિંગ રેન્જ ૩૧૦ કિલોમીટર છે. યુક્રેન યુદ્ધ દરમિયાન, આ સિસ્ટમ સાથે જ રશિયન દારૂગોળાથી હુમલા કરવામાં આવ્યા હતા. મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં આ અત્યાર સુધીની સૌથી મોટો યુદ્ધાભ્યાસ છે. જેમાં ભારત અને અમેરિકાના કુલ ૧૨૦૦ સૈનિકો ભાગ લઈ રહ્યા છે. આજે સવારે ૧૦:૩૦ કલાકે પરેડ સમારોહ સાથે યુદ્ધાભ્યાસ શરૂ થયો હતો. બંને દેશોના ધ્વજ ફરકાવવામાં આવ્યા હતા. આ કવાયતમાં ભારતના સાઉથ વેસ્ટર્ન કમાન્ડના ૬૦૦ અને અમેરિકાના ૬૦૦ સૈનિકો ભાગ લઈ રહ્યા છે. બંને દેશોના સૈનિકો સાથે મળીને ૧૫ દિવસ સુધી દુશ્મનને ઘેરીને મારવા સહિતની અનેક રણનીતિઓનો અભ્યાસ કરશે. આ દરમિયાન એરબોર્ન અને હેલિબોર્ન ઓપરેશન હાથ ધરવામાં આવશે. ગામમાં છુપાયેલા આતંકવાદીઓને શોધીને મારી નાખવા ઉપરાંત ડ્રોન હુમલાથી બચવાનો અભ્યાસ પણ કરવામાં આવશે.

### ઘાયલો પશ્ચિમી હમાસ પ્રાંતમાં મસ્યાફ નેશનલ હોસ્પિટલમાં પહોંચ્યા

# સીરિયાના અનેક વિસ્તારોમાં ઈઝરાયેલનો ભીષણ હુમલો : ૪ના મોત, ૧૩ ઘાયલ

**હુમલાથી સીરિયાના વિસ્તારોમાં ભારે નુકસાની**

(એ.આર.એલ),ગાઝા,તા.૯



ઈઝરાયેલે રવિવારે મોડી રાત્રે મધ્ય સીરિયાના અનેક વિસ્તારોમાં અનેક હુમલાઓ કર્યા હતા, જેમાં ઓછામાં ઓછા ચાર લોકો માર્યા ગયા હતા. આ સિવાય ૧૩ લોકો ઘાયલ થયા હતા અને આગ ફાટી નીકળી હતી. જેમાં સીરિયાની રાજ્ય સમાચાર એજન્સીના અહેવાલ અનુસાર, સીરિયાના એર ડિફેન્સ ફોર્સે પ્રદેશમાં કેટલાક બિંદુઓને નિશાન બનાવીને હુમલાનો સામનો કરવો પડ્યો હતો.

આ હુમલાના કારણે હમાસ પ્રાંતમાં એક હાઈવેને નુકસાન થયું હતું અને આગ ફાટી નીકળી હતી, જેને ઓલવવાનો ફાયર બ્રિગેડ સોમવારે સવાર સુધી પ્રયાસ કરી રહી હતી. સાથે જ ઓછામાં ઓછા ૪ લોકોના મોત અને ૧૩ ઘાયલ લોકો પશ્ચિમી હમાસ પ્રાંતમાં મસ્યાફ નેશનલ હોસ્પિટલમાં પહોંચ્યા, એજન્સીએ હોસ્પિટલના વડા ફૈઝલ હૈદરને ટાંકીને જણાવ્યું કે તે નાગરિકો હતા કે આતંકવાદીઓ.

### હાઈકોર્ટના નિર્ણયનો અભ્યાસ કરવા માટે સમયની જરૂર હોવાનું જણાવી

# ઉત્તરપ્રદેશમાં ૬૯ હજાર શિક્ષક ભરતી મામલે હાઈકોર્ટના આદેશ પર સુપ્રીમનો સ્ટે

**આગામી સુનાવણી ૨૩ સપ્ટેમ્બરે થશે : સીજેઆઈ**

લખનૌ,તા.૦૯



ઉત્તર પ્રદેશમાં ૬૯ હજાર શિક્ષક ભરતી મામલે દાખલ અરજી પર સોમવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આદેશ પર સ્ટે મુક્યો છે. સીજેઆઈએ કહ્યું કે હાઈકોર્ટનો આદેશ સ્થગિત રહેશે. આગામી સુનાવણી ૨૩ સપ્ટેમ્બરે થશે. સીજેઆઈએ તમામ પક્ષકારોને લેખિત નોંધ દાખલ કરવા કહ્યું. અમે આ અંગે અંતિમ સુનાવણી કરીશું. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકાર અને બંને પક્ષોને લેખિત દલીલો રજૂ કરવા કહ્યું છે. હાઈકોર્ટના નિર્ણયનો અભ્યાસ કરવા માટે સમયની જરૂર છે. અલ્હાબાદ હાઈકોર્ટે તેના નિર્ણયમાં, જૂન ૨૦૨૦ અને જાન્યુઆરી ૨૦૨૨ ની પસંદગીની સૂચિને રદ કરતી વખતે, યુપી સરકારને ૨૦૧૯ માં યોજાયેલી સહાયક શિક્ષક ભરતી પરીક્ષાના આધારે ત્રણ મહિનાની અંદર ૬૯ હજાર શિક્ષકોની નવી પસંદગી સૂચિ બહાર પાડવાનો આદેશ આપ્યો હતો.

# અમરેલીમાં ખેડૂતો સાથે દિલીપ સંઘાણીનો સંવાદ

**ઓર્ગેનિક અને આયુર્વેદ પદ્ધતિની ખેતી અંગે ચર્ચા**

અમરેલી, તા.૦૯





અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક અને ગાય આધારિત ખેતીને પ્રોત્સાહન આપવા એક મહત્વપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજ્યના પૂર્વ કૃષિમંત્રી અને ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. જિલ્લાના પૂર્વ કૃષિ મંત્રી અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું કે, પ્રાકૃતિક અને ગાય આધારિત ખેતી દ્વારા ખેડૂતોએ સારી આવક મેળવી છે. તેમણે ટેકાના ભાવો, માહિતી-માર્ગદર્શન અને પ્રાકૃતિક ખેતીની માહિતી પહોંચાડવા માટે અપીલ કરી હતી. તેમણે મધ વ્યવસાય અને પશુપાલન વિશે પણ માહિતી આપી હતી. નાયબ મુખ્ય દંડક-ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદના માધ્યમથી આયોજિત આ કાર્યક્રમની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, ભવિષ્યમાં અમરેલી ખાતે ઓર્ગેનિક કોલેજ આવશે, જેથી ખેડૂતોને જરૂરી માર્ગદર્શન મળશે. કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી, ગાય આધારિત ઉત્પાદન, મધ વ્યવસાય, પશુપાલન અને બાગાયતી ફળો જેવા વિવિધ ઓર્ગેનિક ખેતી વિષય પર પોતાના અનુભવો શેર કર્યા હતા. આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય બાવકુંભાઈ ઉંધાડ, અશ્વિનભાઈ સાવલીયા, મુકેશભાઈ સંઘાણી, ડો.આર.એસ. પટેલ, ડો. ભરતભાઈ કાનાબાર, કાંતિભાઈ વઘાસીયા, વસંતભાઈ મોવલીયા, પીઠાભાઈ નકુમ, અરૂણભાઈ પટેલ, ભાવનાબેન ગોંડલીયા, મનીષભાઈ સંઘાણી, હરજીભાઈ નારોલા, દિનેશભાઈ ભુવા, મનુભાઈ ધાખડા, સંદિપભાઈ ચેટરજી, રમેશભાઈ કાથરોટીયા, અનિલભાઈ વેકરીયા સહિતના ઉપસ્થિત રહ્યાં હતા.


**જાહેર નોટીસ**

**અમરેલીના મહે. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ અને એ.ડી. સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. અમરેલી, રૂમ નં. ૨૦૪**

ફોજદારી કેસ નં. ૧૧૦૭/૨૦૨૧
મુ.તા.૦૯/૧૦/૨૦૨૪

ફરીયાદીઃ- સ્વામીનારાયણ ટ્રેડીંગ કુ. ના માલીક
ચોવટીયા લાલજીભાઈ પરશોતમભાઈ,
ઉ.વ. આ.૬૪, ધર્મે - હિન્દુ, ધંધો-વેપાર,
રહે. અમરેલી,ઠે. સાવરકુંડલા રોડ,નવા માર્કેટીંગ યાર્ડ, પહેલા માળે, એ.એફ./૫૦, અમરેલી, મોબાઈલ નં. ૯૮૭૯૦ ૨૧૪૧૧

-//વિરૂધ્ધ//-

આરોપી :- જય બજરંગ ટ્રેડીંગ કું. ના માલીક,
હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા,
ઉ.વ.આ.૫૫, ધર્મે- હિન્દુ, ધંધો- વેપાર,
રહે. અમરેલી, ઠે. ભોજલપરા, શેરીનં.૧૧, કેરીયારોડ,
રામજી મંદિર સામે,અમરેલી, મોબાઈલ નં. ૯૮૨૫૨ ૩૫૧૪૫

**જોગઃ- આરોપી**

ઉપરોકત જણાવ્યા મુજબના ફરીયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે ફોજદારી કેસ દાખલ કરેલ છે. માટે તમો આરોપીને આ જાહેર નોટીસ ઉપરથી ફરમાવવામાં આવે છે. કે, આ કામે ફરીયાદી દ્વારા બી.એન.એસ.એસ. કલમ-૮૪ મુજબ કાર્યવાહી કરવા અરજ કરેલ છે. તો તારીખ ૦૯ મી માહે ઓકટોમ્બર સને ૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૩૦ વાગે તે ફોજદારી કેસ મા તેના વીરૂધ્ધ કારણ દર્શવવા માટે તમારે જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફત હાજર રહેવું. જો તેમ કરવામા કસુર કરશો તો સદરહુ અરજી સાંભળીને તેનો એક તરફી નિકાલ કરવામાં આવશે.

વળી તમને એવી નોટીસ આપવામાં આવે છે કે નિદીષ્ટ કરેલી તારીખે અથવા તે પહેલા બજવણી માટે પતો લખવાની તમે કસુર કરશો તો તમારા બચાવ પર ધ્યાન આપવામાં આવશે નહી.

આજ તા. ૦૯ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૪ ના રોજ મારી સહી અને કોર્ટનો સિકકો કરી આપ્યો.

| તૈયાર કરનાર | કોર્ટનો સિકકો | મુકાબલ કરનાર | હુકમથી |
| --- | --- | --- | --- |
| (આર.એ.પઠાણ) | | (જી.કે.પરમાર) | (યુ.પી. જોષી) |
| સિનિયર કલાર્ક | | શીરેસ્તેદાર | રજીસ્ટ્રાર |
| ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, અમરેલી | | ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, અમરેલી | ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, અમરેલી |

### કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે સરકારની કામગીરી પર સવાલ ઉઠાવ્યા

# કચ્છના લખપત અને અબડાસામાં ભેદી બીમારીથી પાંચ દિવસમાં ૧૪ના મોત

**અલગ-અલગ શહેરોમાંથી નિષ્ણાંત તબીબોની ટીમ કચ્છ મોકલવામાં આવી**

અબડાસા,તા.૦૯

કચ્છ જિલ્લાના લખપત અને અબડાસા તાલુકામાં ૧૨ જેટલા લોકોના શંકાસ્પદ મોત થયા બાદ આરોગ્ય વિભાગમાં દોડધામ મચી છે. ત્યારે આજે વધુ ૨ લોકોના શંકાસ્પદ મોત થયા હોવાના સમાચાર સામે આવ્યા છે. એટલે છેલ્લા ૫ દિવસમાં કુલ ૧૪ લોકોના મોત થયા હોવાનું જણાવાયું છે. શંકાસ્પદ મોત મામલે કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે સરકારની કામગીરી ઉપર સવાલો ઉઠાવ્યા છે. તેઓએ



જણાવ્યું હતું કે, આજથી ચાર દિવસ પહેલાં મેં સરકારી તંત્રનું ધ્યાન દોર્યું હતું. આ મામલાને ગંભીરતાથી લો, પણ ગંભીરતા નહીં લેવાના કારણે આટલાં મોત થયાં છે. તો બીજી તરફ જે સ્થળો પર શંકાસ્પદ મોત થયાં છે ત્યાં રાજ્યનાં અલગ અલગ શહેરમાંથી નિષ્ણાત તબીબોની ટીમ કચ્છ મોકલવામાં આવી છે. સમગ્ર મામલાની તપાસ કરી રિપોર્ટ સુપરત કરવા આદેશ કરાયો છે.

# વડોદરાના એપાર્ટમેન્ટની અગાસી પર અરબી ઝંડા ફરકાવવામાં આવ્યા

### વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવશે તો તેની હવા કાઢી નાખવામાં આવશે : નિતિન દોંગા

(એ.આર.એલ),વડોદરા,તા.૯

ગુજરાતમાં ગણેશ ઉત્સવ દરમિયાન શાંતિ ડહોળવાનો પ્રયાસ કરાયો છે. ગુજરાતના બે મોટા શહેરોમાં એક જ રાતમાં અફરાતરફી મચી હતી. વડોદરા શહેરના ભાયલી વિસ્તારમાં શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અર્બન ૭ ના ટેરેસ ઉપર અરબી ઝંડા ફરકાવવામાં આવ્યા હતા. અર્બન ૭ ના સ્થાનિકોએ તેનો વિરોધ કર્યો હતો. ગણેશ ઉત્સવ દરમિયાન તમામ ટાવરના ટેરેસ પર અરબી ઝંડા લગાવવામાં આવ્યા હતા. જેના બાદ સ્થાનિક કાઉન્સિલર નીતિન દોંગા દ્વારા ઝંડા ઉતારી લેવાયા હતા. સમગ્ર મામલે અર્બન સેવન પોલીસ છાવણીમાં ફેરવાયું.



આ વિશે સ્થાનિક કાઉન્સિલર નીતિન દોંગાએ ખુલ્લી ચીમકી આપતા કહ્યું કે, ટાવર પર ઝંડા લાગશે તો તોડી પાડવામાં આવશે. વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરશે તો પોલીસની પણ જરૂર નહીં પડે. અરબી ઝંડા કોઈપણ જગ્યાએ નહીં લાગે. અમે ખોટું કરતા નથી અને ખોટું કરવા દઈશું નહિ. આ હિન્દુસ્તાન છે બધા પ્રેમથી રહો. બાકી અમે પણ મહાદેવના સંતાન છીએ. હવા હશે તો હવા કાઢી નાખવામાં આવશે.

### ૬ વિધર્મીઓએ પથ્થરમારો કરી તંગદિલી સર્જી દીધા બાદ પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

# સુરતમાં ગણેશજીની પ્રતિમા પર પથ્થર ફેંકનારા સામે કડક કાર્યવાહી

સુરત,તા.૦૯

સુરતના સૈયદપુરામાં 'વરિયાવી ચા રાજા' તરીકે ઓળખાતી ગણેશ પ્રતિમા પર ૬ મુસ્લિમ કિશોરોએ પથ્થરમારો કરી તંગદિલી સર્જી હતી. રાત્રે ૯ વાગ્યા બાદ આ લોકોએ રિક્ષામાં આવી પથ્થરમારો કર્યો હતો. આ બાદ વિસ્તારમાં ભારે તંગદિલી સર્જાઈ હતી. ગંભીર ઘટનાને જોતા તંત્ર પણ એક્શનમાં છે. સૈયદપુરામાં ગેરકાયદે મિલકતો પર દાદાનું બુલડોઝર ફરી વળ્યું છે. તો હર્ષ સંઘવીએ પણ પોલીસ કંટ્રોલ રૂમમાં પહોંચીને CCTVથી ઘટનાસ્થળનું નિરીક્ષણ કરી જરૂર સૂચન કર્યા હતા. તેઓએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યું હતું કે, પથ્થરમારો કરનાર લોકો સમાજના કસૂરવાર છે. જે પણ યુવાનો આવા છે તેઓને સમજાવવાનો પ્રયાસ મુસ્લિમ સમાજના લોકો કરે, મને ભરોસો છે કે, મદ્રેસા અને મસ્જિદ સહિત અન્ય ધાર્મિક સંસ્થાના લોકો




યુવાનોને આવનાર દિવસોમાં સમજાવશે. હજારો લોકોએ મંડપથી ૧૦૦ મીટર દૂર સૈયદપુરા ચોકીને ઘેરી હતી. ટોળાં વિખેરવા ૧૦થી વધુ ટીયરગેસ છોડી લાઠીચાર્જ કરાયો હતો. ઘટનાની ગંભીરતા જોતા વિસ્તારમાં પોલીસનાં ધાડેધાડાં ઉતારી કોમ્બિંગ શરૂ કરાયું હતું. આ મામલે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે બપોરે જાહેર કરેલા આંકડા મુજબ, ૨૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે. સૈયદપુરા વિસ્તારમાં આજે સવારથી ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. અત્યારે સૈયદપુરા પોલીસ ચોકીની આજુબાજુ જે દબાણ કરેલી મિલકતો છે તેને તાત્કાલિક અસરથી દૂર કરવા માટેની કાર્યવાહી શરૂ થતા સ્થાનિક

**સૈયદપુરામાં ગેરકાયદે મિલકતો પર 'દાદા'નું બુલડોઝર ફરી વળ્યુ**

લોકોમાં ફફડાટ ફેલાયો છે. સુરત મહાનગરપાલિકાની ટીમ બુલડોઝર લઈને પહોંચી ગઈ હતી. ચૂસ્ત પોલીસ બંદોબસ્ત સાથે સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ ઘટનાસ્થળ ઉપર હાજર રહીને કાર્યવાહી કરાવી હતી.

# સુરતમાં ગણેશ પંડાલમાં પથ્થરમારા બાદ રાજકોટ પોલીસનું કડક પેટ્રોલિંગ

રાજકોટ,તા.૦૯



સુરતમાં ગણપતિ મહોત્સવમાં થયેલી હિંસક પ્રવૃત્તિને લઈ તંગદિલી ભર્યો માહોલ છવાયો હતો. જેને લઈ રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા તમામ ગણપતિ પંડાલના આયોજકો સાથે બેઠક કરી કાયદો અને વ્યવસ્થા સ્થિતિ જાળવવા માટે ચર્ચા વિચારણા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. રાજકોટમાં ૩૨૩ જેટલા પંડાલમાં ગણપતિ બાપાની સ્થાપના કરવામાં આવી છે. આ પૈકી કોઈ જગ્યાએ કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંગે સવાલો ઉભા થયા નથી. શાંતિપૂર્ણ માહોલમાં લોકો ઉત્સવ મનાવી રહ્યા છે. આમ છતાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે બેઠક યોજી પેટ્રોલિંગ વધારવા માટે પોલીસને સૂચના આપવામાં આવી છે.

રાજકોટ શહેર જોઈન્ટ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયાએ જણાવ્યું હતું કે, રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાના માર્ગદર્શન હેઠળ આજે દરેક પોલીસ સ્ટેશનના પીઆઇ તેમજ ડીસીપી કક્ષાના અધિકારીની ઉપસ્થિતિમાં ૩૨૩ જેટલા ગણેશ પંડાલના આયોજકો સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્સવ શરૂ થતા પહેલા પણ આયોજકો સાથે બેઠક કરી જરૂરી સૂચના આપવામાં આવી હતી અને કાયદો વ્યવસ્થા સ્થિતિ જળવાઈ રહે તે મુજબ આયોજન કરવા અપીલ કરવામાં આવી હતી. ત્યારે ગઈકાલે સુરતમાં બનેલી ઘટના બાદ ફરી આજરોજ ગણપતિ પંડાલના આયોજકો સાથે બેઠક યોજી જરૂરી માર્ગદર્શન આપી સૂચનો આપવામાં આવ્યા હતા અને તેમના પણ કોઈ પ્રશ્ન કે રજૂઆત હોય તો એ બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

# અંબાજીમાં ભાદરવી પૂનમની તડામાર તૈયારીઓ શરૂ, માઈભક્તો માટે રસોડા ધમધમવા લાગ્યા

અંબાજી,તા.૦૯

ભાદરવી પૂનમના મેળાને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે અંબાજીમાં પૂનમના દર્શને આવનારા માઈભક્તો માટે રસોડા ધમધમવા લાગ્યા છે. માઈભક્તો માટે મોહનથાળના પ્રસાદની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ સમા આ મેળામાં લોકો વિવિધ વાનગીઓ, સાંસ્કૃતિક કાર્યક્રમોનો આનંદ માણે છે. સ્થાનિક હસ્તકલા અને હસ્તશિલ્પનો પણ આનંદ માણે છે. મેળામાં આવતા લોકો માટે પ્રસાદનું પણ અનેરુ મહત્વ છે. મોહનથાળનો પ્રસાદ લોકો સાથે લઈ જાય છે, જેને લઈને અત્યારથી જ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. અંબાજી આવતા લાખો પદયાત્રીઓની પ્રસાદની માંગ સંતોષવા માટે અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા મોહનથાળનો પ્રસાદ બનાવવાની કામગીરીનો પ્રારંભ થયો છે.

**ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ચાઈનીઝ લસણ ઘૂસાડવાના મામલે**

# સમગ્ર દેશમાં વિરોધ : આજે યાર્ડમાં લસણનું કામકાજ બંધ રાખવાની જાહેરાત

રાજકોટ,તા.૦૯

ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે ગત તારીખ ૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ પ્રતિબંધિત ચીનનું લસણ ઘૂસાડવામાં આવ્યું હતું. જેના વિરોધમાં હવે આખા દેશમાં વેપારીઓ દ્વારા આવતીકાલે તારીખ ૧૦.૦૯.૨૦૨૪ના રોજ લસણનું કામકાજ બંધ રાખવા જાહેરાત કરવામાં આવી છે. જેના સમર્થનમાં રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં તમામ માર્કેટિંગ યાર્ડ ખાતે આવતીકાલે લસણનો વેપાર કરવામાં આવશે નહિ. કમિશન એજન્ટ એસોસિએશન દ્વારા ખેડૂતોને અપીલ કરવામાં આવી છે કે, આવતીકાલે કોઈ પણ ખેડૂતે યાર્ડમાં લસણ લઈને આવવું નહિ. રાજકોટ માર્કેટિંગ યાર્ડના ડિરેક્ટર અતુલ કમાણીએ જણાવ્યું હતું કે, આવતીકાલે આખા ભારતમાં લસણના વેપારીઓ લસણના વેપારથી અળગા રહેવાના છે. જેના સમર્થનમાં રાજકોટ માર્કેટિંગ યાર્ડ પણ આવતીકાલે લસણનો વેપાર કરશે નહીં. રાજકોટ જ નહીં, પરંતુ સૌરાષ્ટ્રના તમામ માર્કેટિંગ યાર્ડમાં લસણનો વેપાર ધંધો આવતીકાલે બંધ રાખવામાં આવશે. હાલમાં ચીનથી વાયા અફઘાનિસ્તાન થઈ ભારતમાં લસણ ઘૂસાડવામાં આવી રહ્યું છે.








# રાજયમાં છુટાછવાયા વરસાદની આગાહી, અમરેલીમાં ગરમીએ માથુ ઉચક્યુ

અમદાવાદ,તા.૦૯

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ ગુજરાતમાં છુટા છવાયા હળવા વરસાદની આગાહી વ્યક્ત કરી છે. આ ઉપરાંત રાજ્યની પૂર્વ તરફની સીમા પર એટલે કે મધ્યપ્રદેશ અને રાજસ્થાન સાથે સંકળાયેલા જિલ્લામાં ભારે વરસાદની શક્યતા છે. આ ઉપરાંત આગામી ૨૪ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના જિલ્લામાં પણ ભારે વરસાદની શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે. ઉલ્લેખનીય છે કે, લગભગ એક સપ્તાહથી રાજ્યના કેટલાક જિલ્લાઓમાં મેઘરાજાએ વિરામ લીધો છે, જેને



કારણે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન પણ સામાન્ય નોંધાઈ રહ્યું છે. અમદાવાદ શહેરમાં પણ એક સપ્તાહથી નહિવત પ્રમાણમાં વરસાદ નોંધાયો છે. મહત્તમ તાપમાન પણ સામાન્ય નોંધાઈ રહ્યું છે. તેવામાં ગતરોજ અમરેલી શહેરનું મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોધાયુ હતું.







